ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૪૭ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૦૬ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 147 • Dt. 05-01-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

પાર્ટીઓમાં ઘણા લોકો કેમેરા કરતાં વધુ સારી એક્ટિંગ કરે છે : સોનુ સૂદ



P.07

કિયારા અડવાણીની તબિયત અચાનક બગડી, હોસ્પિટલમાં દાખલ

તીવ્ર ઠંડીને કારણે ઘણા રાજ્યોમાં એલર્ટ, સેંકડો ટ્રેનો અને ફ્લાઇટ્સ અસરગ્રસ્ત

07




05
JANUARY- 2025
SUNDAY



07

ચીનના માર્કેટમાં ભડકેલી આગ, ૮ લોકો જીવતા બળી ગયા, ૧૫ ઘાયલ



















લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

અનંત અંબાણીએ જામનગર રિફાઈનરીના ૨૫ વર્ષ પૂર્ણ થવા પર કર્મચારીઓ અને પરિવારના સભ્યોને સંબોધન કર્યું

# દાદા ધીરુભાઈ અંબાણીએ જામનગરમાં વિશ્વની ટોચની રિફાઈનરી બનાવવાનું સપનું જોયું હતું : અનંત અંબાણી

**અનંત અંબાણીએ પોતાના સંબોધનમાં પશુ-પક્ષીઓ અને વનતારા પ્રત્યેના પ્રેમ વિશે પણ વાત કરી હતી**

। પ્રતિનિધિ, જામનગર,તા.૪ ।

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર અનંત અંબાણીએ જામનગર રિફાઈનરીના ૨૫ વર્ષ પૂર્ણ થવા પર કર્મચારીઓ અને પરિવારના સભ્યોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે દાદા ધીરુભાઈ અંબાણીએ જામનગરમાં વિશ્વની ટોચની રિફાઈનરી બનાવવાનું સપનું જોયું હતું.અનંત અંબાણીએ પોતાના સંબોધનમાં પશુ-પક્ષીઓ અને વનતારા પ્રત્યેના પ્રેમ વિશે પણ વાત કરી હતી. જામનગરને લઈને પિતાનું સ્વપ્ન પૂરું કરવાનું વચન આપ્યું. અનંત અંબાણી ઉપરાંત મુકેશ અંબાણી, નીતા અંબાણી, આકાશ અંબાણી અને ઈશા અંબાણીએ પણ આ કાર્યક્રમને સંબોધિત કર્યો હતો.અનંત અંબાણીએ કહ્યું, 'મારા પરમ પૂજનીય દાદા ધીરુભાઈ અંબાણીએ એક સપનું જોયું હતું. તેઓ એક રિફાઈનરી બનાવવા માંગતા હતા જે સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ હશે. ૨૫ વર્ષ પહેલા મારા દાદાના જીવનકાળ દરમિયાન મારા પિતા મુકેશ ભાઈએ ધીરુભાઈ અંબાણીના આ સ્વપ્નને સાકાર કર્યું હતું. આજે હું આભારી છું. આવા બે મહાપુરુષોનો અમૂલ્ય વારસો મને મળ્યો તે બદલ હું આભારી છું. આજે, આ શુભ દિવસે, હું મારા પિતાને સંકલ્પ અને વચન આપું છું કે હું જામનગરને લગતા તમામ સપના સાકાર કરીશ. વધુમાં તેમણે કહ્યું કે મારી માતાએ મને જે રીતે પ્રાણીઓ અને પક્ષીઓને પ્રેમ કરવાનું શીખવ્યું હતું, વનતારામાંથી પ્રેરણા લો અને તે જ રીતે તમામ પ્રાણીઓને પ્રેમ કરો. વનતારાએ સાબિત કર્યું છે કે રિલાયન્સ પ્રાણીઓ અને પક્ષીઓની એટલી જ કાળજી રાખે છે જેટલી તે માણસોની સંભાળ રાખે છે. વનતારા એ રિલાયન્સની 'વી કેર' ફિલોસોફીનું જીવંત ઉદાહરણ છે. મને પૂરો વિશ્વાસ છે કે ૨૫ વર્ષ પછી જ્યારે ભારતની આઝાદીની શતાબ્દી ઉજવાશે ત્યારે આપણે સૌ સાથે મળીને જામનગરની ગરિમા અને ગૌરવને નવી ઊંચાઈએ લઈ જઈશું.આ કાર્યક્રમમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, 'જામનગર માત્ર ઓઈલ રિફાઈનરી માટે જ નથી, પરંતુ આવનારા સમયમાં તે અન્ય ઘણા ક્ષેત્રોમાં વિશ્વના નકશા પર આવશે. વિશ્વની શ્રેષ્ઠ ગીગા ફેક્ટરી, વિશ્વની સૌથી મોટી સૌર ઉર્જા, વિશ્વની ટોચની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ ફેક્ટરી પણ જામનગરમાં હશે. ઘણી બધી વસ્તુઓ મળીને એક પ્લેટફોર્મ સેટ કરે છે, જે આગામી કેટલાક દાયકાઓ સુધી તમારા અને તમારા બાળકો માટે વિકાસનું પ્લેટફોર્મ બની રહેશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર અનંત અંબાણીએ જામનગર રિફાઈનરીના ૨૫ વર્ષ પૂર્ણ થવા પર કર્મચારીઓ અને પરિવારના સભ્યોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે દાદા ધીરુભાઈ અંબાણીએ જામનગરમાં વિશ્વની ટોચની રિફાઈનરી બનાવવાનું સપનું જોયું હતું.અનંત અંબાણીએ પોતાના સંબોધનમાં પશુ-પક્ષીઓ અને વનતારા પ્રત્યેના પ્રેમ વિશે પણ વાત કરી હતી. જામનગરને લઈને પિતાનું સ્વપ્ન પૂરું કરવાનું વચન આપ્યું.



## રાજકોટ શહેર ભાજપના પ્રમુખ બનવા માટે દાવેદારોનો રાફડો ફાટ્યો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૪ ।

રાજકોટ શહેર ભાજપના વોર્ડ પ્રમુખોની નિમણૂકો બાદ હવે શહેર ભાજપ પ્રમુખની નિમણૂક માટે પ્રક્રિયા શરૂ કરવામા આવી છે અને આજે ફોર્મ ભરવામા આવશે. હાલ શહેર ભાજપના પ્રમુખપદે મુકેશ દોશી રિપીટ થાય તેવી શક્યતા છે. આ ઉપરાંત દેવાંગ માંકડ, ડો. પ્રદિપ ડવ, પુષ્કર પટેલ, માધવ દવે, અશ્વિન મોલિયા, પરેશ ઠાકર, કશ્યપ શુકલ, મનિષ રાડિયા, દલસુખ જાગાણી, નીલેશ જલુ, સુરેન્દ્રસિંહ વાળા, જીતુ કોઠારી, કિશોર રાઠોડ, વલ્લભ દુધાત્રા, નરેન્દ્રસિંહ ઠાકુર, અશ્વિન પાંભર ઉપરાંત મહિલા ઓમાંથી કિરણબેન માંકડીયા તથા રક્ષબેન બોળીયા સહિત કુલ બે ડઝન દાવેદારો મનાય છે.તો બીજી તરફ, રાજકોટ શહેર ભાજપના પ્રમુખ બનવા માટે દાવેદારોનો રાફડો ફાટ્યો છે. વર્તમાન પ્રમુખ અને પૂર્વ મેયર સહિત અનેક દાવેદારો મેદાનમાં આવ્યા છે. તો સામાજિક ક્ષેત્રમાં પણ મોટું નામ ધરાવતા લોકોએ પણ દાવેદારી કરી છે.

## દાણીલીમડામાં નશાકારક કફ સીરપની બોટલોનું ગેરકાયદે વેચાણ કરતા શખ્સની ધરપકડ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૪ ।

દાણીલીમડા પોલીસને માહિતી મળી હતી કે દાણીલીમડાના બેરલ માર્કેટ વિસ્તારમાં ફાતેમા ફ્લેટમાં સરફરાઝ સુરતવાલા નામનો શખ્સ પોતાના મકાનમાં ગેરકાયદે નશાકારક કફ સીરપ બોટલોનું વેચાણ કરે છે.જેને આધારે પોલીસે દાણીલીમડામાં નબીનગરની બાદમાં બેરલ માર્કેટ પાછળ અલહબીબ સોસાયટીના ફાતમા ફ્લેટ પર દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે સરફરાઝ હાજીમોહંમદ સુરતવાલા(૩૨)ની ધરપકડ કરી હતી. તેની પાસેથી પોલીસે કોડીન ફોસ્ફેટ નશાકારક કફ સીરપની કુલ-૪૬ બોટલો કબજે કરી હતી.પોલીસે કફ સીરપની બોટલો તથા મોબાઈલ વગેરે મળીને રૂ.૧૩,૫૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસે જણાવ્યું હતું. કફ સીરપની આ બોટલ અંગે પુછપરછ કરતા આરોપી સરફરાઝે દાણીલીમડા હિમાલયા બેકરીની પાસે આવેલા આસીફભાઈના મેડિકલ સ્ટોર પરથી વગર બિલે આ કફ સીરપની બોટલો ખરીદી હોવાનું કહ્યું હતું.

## અમદાવાદમાં અલગ અલગ બનાવમાં એક જ દિવસમાં સગીર સહિત ચાર જણાનો આપઘાત

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૪ ।

અમદાવાદમાં દિવસે દિવસે આપઘાતના બનાવોનું પ્રમાણ વધી ગયું છે. જેમાં યુવકોનું પ્રમાણ વધુ હોવાનું સામે આવ્યું છે. જેમાં ૩ ડિસેમ્બરના રોજ એક જ દિવસમાં અલગ અલગ વિસ્તારમાં સગીર સહિત ચાર જણાએ આત્મહત્યા કરી લીધી હતી.પ્રથમ બનાવની વિગત મુજબ વાસમામાં અર્બન હેલ્થ સેન્ટર પાસે પ્રવિણનગર ગણેશ શેરી ખાતે રહેતા દિનેશભાઈ શિકારીના સગીર વયના પુત્રએ પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જોકે આપઘાતનું કારણ જાણવા મળ્યું નથી. આ અંગે વાસણા પોલીસ વધુ તપાસ કરી રહી છે.અન્ય બનાવમાં સરખેજમાં આઝાદનગર ન્યુ ફતેવાડી ધોળકા રોડ પર આવેલા શક્તિનગરમાં રહેતા ભૂમિબેન પંકજભાઈએ(૨૪)એ પોતાના ઘરમાં દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ લઈને આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં પણ આપઘાતનું કામ તાત્કાલિક જાણી શકાયું ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ અંગે સરખેજ પોલીસ વધુ તપાસ કરી રહી છે.તે સિવાય વસ્ત્રાલમાં રતનપુરા કાંસકીયા વાસમાં રહેતા ગોપાલ કનુભાઈ કાંસકીયા(૨૧) એ અગમ્ય કારણસર પોતાના ઘર નજીક આઈસર ગાડીના પાછળના ભાગે દોરડુ બાંધીને ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હતું.

૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું

## અમદાવાદમાં ભગવાન મહાવીરના ૨૫૫૦મા નિર્વાણ વર્ષની ૪ થી ઈન્ટરનેશનલ જૈન કોન્ફરન્સ યોજાશે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૪ ।

અમદાવાદમાં ભગવાન મહાવીરના ૨૫૫૦મા નિર્વાણ કલ્યાણક વર્ષની પુર્ણાહુતિ નિમિત્તે ૪થી ઈન્ટરનેશનલ જૈન કોન્ફરન્સનું આયોજન તા. ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો પર વિચાર-વિમર્શ કરવામાં આવશે અને સમગ્ર દુનિયામાં શાંતિ પૂર્ણ બદલાવ લાવવા માટેના ઉપાયો શોધવામાં આવશે. આ કોન્ફરન્સમાં જૈન સાધુ-સાધ્વીજી, આચાર્યો, વિદ્વાન, શોધકર્તા અને દુનિયાભરના જિજ્ઞાસુ લોકો ભાગ લેશે. કોન્ફરન્સની થીમ "જૈનધર્મનું વિશ્વને પ્રદાન અને ભવિષ્ય" રાખવામાં આવી છે.આ એક ઐતિહાસિક ઘટના છે જેમાં ભગવાન મહાવીરના મૂળભૂત સિદ્ધાંતો અહિંસા, સત્ય, અપરિગ્રહ, અનેકાંતવાદ જેવા વિષયો ઉપર સંશોધન પેપરોની સુંદર પ્રસ્તુતિ થશે, જે સમગ્ર દુનિયામાં શાંતિ પૂર્ણ બદલાવ લાવવા માટે ઉપયોગી થશે. આ કોન્ફરન્સમાં જૈન સાધુ-સાધ્વીજી, આચાર્યો, વિદ્વાન, શોધકર્તા, દુનિયાભરના જિજ્ઞાસુ લોકો સાથે મળીને ચર્ચા કરશે. આ દ્વારા સમાજને અને રાષ્ટ્રને તે કેવી રીતે ઉપયોગી થશે તેના પર વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવશે. આ કોન્ફરન્સમાં વિદેશથી અનેક વિદ્વાનો તથા દેશના સમગ્ર પ્રાંતોમાંથી પણ સુપ્રસિદ્ધ વિદ્વાનો પધારશે. આ ઐતિહાસિક કોન્ફરન્સમાં જોડાઈને આપણે આપણાં જ્ઞાન, શ્રદ્ધા અને સંકલ્પને નવી ઊંચાઈ પર લઈ જઈએ. જ્યાં આપણે સમજીશું અને કંઈક નવું શીખીશું. આ પ્રસંગે સૌની સહભાગિતા આપણાં સમાજ અને દુનિયાને નવી માહિતી અને દિશા પ્રદાન કરશે. અમદાવાદમાં ભગવાન મહાવીરના ૨૫૫૦મા નિર્વાણ કલ્યાણક વર્ષની પુર્ણાહુતિ નિમિત્તે ૪થી ઈન્ટરનેશનલ જૈન કોન્ફરન્સનું આયોજન તા. ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો પર વિચાર-વિમર્શ કરવામાં આવશે અને સમગ્ર દુનિયામાં શાંતિ પૂર્ણ બદલાવ લાવવા માટેના ઉપાયો શોધવામાં આવશે.

## બાથરૂમમાં સર્વિસ બંદૂકથી પેટમાં ગોળી મારી સીઆઇએસએફ જવાને જીવન ટૂંકાવ્યું

। પ્રતિનિધિ, સુરત, તા.૪ ।

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક દુર્ઘટના બની છે. સુરત એરપોર્ટ પર સીઆઈએસએફ સેલના જવાન કિશનસિંહે ગોળી મારી આપઘાત કરી લેતાં ચકચાર મચી છે. એરપોર્ટના બાથરૂમમાં જઈ પોતાની બંદૂક વડે સીઆઈએસએફ જવાને પોતાના પેટના ભાગે ગોળી મારી જીવન ટૂંકાવ્યું છે. વર્ષ ૨૦૨૨માં સુરત એરપોર્ટ પર ફરજ નિભાવી રહ્યો હતો. તમને જણાવી દઈએ કે આ જવાનના હજું ગયા વર્ષે લગ્ન થયા હતા. સીઆઈએસએફ સેલના જવાને કિશનસિંહ મૂળ રાજસ્થાનના જયપુરના વતની હતા. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સીઆઈએસએફમાં ફરજ બજાવતા જવાન કિશનસિંહે બાથરૂમમાં જઈ પોતાની સર્વિસ બંદૂકથી પેટના ભાગે ગોળી મારી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી છે. ગોળીની અવાજે બાકીના સીઆઈએસએફ જવાનો બાથરૂમ તરફ દોડ્યા હતા.

## વાપી જીઆઇડીસીમાં કામદારની હત્યા, કંપની બહાર કરાયો હુમલો

। પ્રતિનિધિ, વાપી, તા.૪ ।

વાપી જીઆઈડીસીમાં કામ કરતા કામદારની કંપનીની બહાર હત્યા કરી દેવાતા ચકચાર મચી ગઈ છે. માઈક્રો ઓર્ગો કેમ નામની કંપનીમાં વાયરમેન તરીકે ફરજ બજાવતા શખ્સની તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી હત્યા કરી દેવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.વાપી જીઆઈડીસીમાં કામ કરતા કામ કરતા કામદારની અજાણ્યા કારણોસર હત્યા કરી દેવાનું હાલ સામે આવ્યું છે. સેકન્ડ ફેસમાં માઈક્રો ઓર્ગો કેમ નામની કંપની બહાર એક કામદાર સમાધાન પાટીલની અજાણ્યા શખ્સે તીક્ષ્ણ હથિયારથી જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યો હતો. હત્યા થતાં લોકોનું ટોળું જમા થઈ ગયું હતું. લોકોએ પોલીસને બોલાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.સામાન્ય બાબતે કોઈની હત્યા કરી દેવી હવે સામાન્ય બની ગઈ છે.



## આચાર્ય દેવવ્રતે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ પ્રેરિત કરવા આહ્વાન કર્યું

# ગુજરાતનું પ્રાકૃતિક કૃષિ અભિયાન હવે ‘રાષ્ટ્રીય મિશન’ બની ગયું છે : રાજયપાલ

### કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ આજે રાજયપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં આણંદ ખાતે

। પ્રતિનિધિ, આણંદ,તા.૪ ।

રાજયપાલ આચાર્ય દેવવ્રતે રાજયની કૃષિ યુનિવર્સિટીઓને પ્રાકૃતિક કૃષિ માટે વિવિધ સંશોધનો હાથ ધરી મહત્તમ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ પ્રેરિત કરવા આહ્વાન કર્યું છે.રાજયપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે જમીન બિનઉપજાઉ બની છે અને જમીનના ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઘટયું છે. માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ સામે ગંભીર પડકારો ઊભા થયા છે. આ તમામ સમસ્યાઓનો ઉકેલ એક માત્ર પ્રાકૃતિક કૃષિ છે.આણંદ કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ આજે રાજયપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં આણંદ ખાતે યોજાયો હતો. આ પદવીદાન સમારોહમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ વિવિધ વિદ્યાશાખાના ૫૮૦




વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી તથા ૪૩ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે સુવર્ણચંદ્રક એનાયત કર્યા હતા.

રાજયપાલએ શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ સંશોધનકર્તા અને શ્રેષ્ઠ વિસ્તરણકર્તાનું બહુમાન કર્યું હતું. તેમણે યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલનું વિમોચન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ વર્ચ્યુઅલી જોડાયા હતા.

ગુજરાતનું પ્રાકૃતિક કૃષિ અભિયાન હવે ‘રાષ્ટ્રીય મિશન’ બની ગયું છે તેમ જણાવતાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી ખેડૂતોને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મળવા સાથે પાક ઉત્પાદનના પોષણક્ષમ ભાવ પણ મળે છે, જેનાથી ખેડૂતોની આવકમાં વધારો થવા સાથે ઝેરમૂકત કૃષિ ઉત્પાદનો લોકોને મળે છે.

પ્રાકૃતિક કૃષિ પર્યાવરણ, પાણી, જમીન અને ગૌ માતાને બચાવવા સાથે આત્મનિર્ભર ભારત અને સ્વસ્થ સમાજના નિર્માણ સહિત ખેડૂતોની આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલશે.રાજ્યપાલશ્રીએ પદવી ધારકોને કારકિર્દીના ઉચ્ચ શિખરો સર કરવા શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉદ્‌બોધન કરતાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે સ્નાતક-અનુસ્નાતકની પદવી અને ચંદ્રકો મેળવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, શિક્ષિત યુવા તરીકેનું વિદ્યાર્થીઓનું પ્રદાન સમાજ અને દેશના સામાજિક વાતાવરણમાં પણ અવશ્ય પ્રતિબિંબિત થવું જોઈએ. પદવી મેળવીને સારી નોકરી મેળવવી કે કારકિર્દીનું ઘડતર કરવા સાથે યુવાનો સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેનું ઉત્તરદાયિત્વ પણ નિભાવે તે જરૂરી છે.

## સેન્સપ્રક્રિયામાં શિસ્તના લીરા ઊડ્યા

# વડોદરા શહેરમાં ભાજપના ઉપાધ્યક્ષ અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે ઘર્ષણ !!!!

। પ્રતિનિધિ, વડોદરા, તા.૪ ।

વડોદરા શહેર ભાજપના કાર્યાલયમાં આજ રોજ (૪ જાન્યુઆરી) સેન્સપ્રક્રિયા અને ઉમેદવારી ફોર્મ સ્વીકારતી વખતે એક શિસ્તભંગની ઘટનાઓ સામે આવી છે. કાર્યાલયમાં પાર્ટી અધ્યક્ષની દાવેદારીને લઈને ઉભરાયેલી જૂથવાદી તણાવમાં, ભાજપના ઉપાધ્યક્ષ અને પૂર્વ કોર્પોરેટર ગોપી તલાટી અને મહિલા મોરચાના ઉપાધ્યક્ષ સુનિતા શુક્લા વચ્ચે આક્ષેપો અને પ્રતિઆક્ષેપો થયા હતા. આ ચર્ચા ઓછી સમયે જ મોટી વાદ-વિવાદ અને સોપા વચ્ચે ફેરવાઈ ગઈ હતી.સેન્સપ્રક્રિયા દરમિયાન વડોદરા શહેર ભાજપના ઉપપ્રમુખ અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપો થતાં કાર્યાલય પર સોપો પડી ગયો હતો. પૂર્વ કોર્પોરેટર ગોપી તલાટીએ મહિલાઓનું અપમાન થાય એવું નિવેદન કર્યાનો સુનિતા શુક્લાએ આક્ષેપ કર્યો હતો. જ્યારે પૂર્વ કોર્પોરેટરે ગોપી તલાટીએ બચાવમાં કહ્યું કે, મારી દાવેદારીને નબળી પાડવા માટે ખોટા આક્ષેપો કરાઈ રહ્યા છે.સુનિતા શુક્લાએ આક્ષેપ કર્યો હતો કે ગોપી તલાટીએ મહિલાઓ વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. સુનિતાબેને કહ્યું કે આ બાબત હવે હાઈકમાન્ડ સુધી પહોંચશે અને હું આ મુદ્દે પ્રમુખ સાથે ચર્ચા કરી આગળની કાર્યવાહી કરશું. તે સમયે ગોપી તલાટીએ કહ્યું કે આ બધું તેના દાવેદારીને નબળી પાડવા માટે છે અને આ આક્ષેપો ખોટા છે. આ વિષય પર વધુ પડતા આક્ષેપો પર સુનિતા શુક્લાએ જણાવતાં કહ્યું કે તે પાસે વિડીયો રેકોર્ડિંગ છે અને તે તપાસ કરવા માટે તયાર છે. હવે આ વિવાદને લઈને પાર્ટી ભીતર તેમજ બહાર ગરમાવો વધી રહ્યો છે. વિશેષ, ભાજપના વિભિન્ન નેતાઓ જેમ કે હિતેન્દ્ર પટેલ, જિગીષાબેન શેઠ, અને સુનીલ સોલંકી પણ દાવેદારી નોંધાવવા માટે કાર્યાલય પહોંચ્યા હતા.ચુંટણી અધિકારી કુશલસિંહ પઢેરિયાએ જણાવ્યું કે, “અમે અંદર હતા, એ માટે બાહ્ય વિખવાદ અંગે અમને કોઈ જાણકારી નથી. જો ફરિયાદ આવે તો એ અંગે નિર્ણય લેવામાં આવશે.” આ ઘટનાને લઈ હવે ભાજપની આંતરિક સુશાસન અને શિસ્ત પર ગંભીર સવાલો ઉભા થયા છે. વડોદરા શહેર ભાજપના કાર્યાલયમાં આજ રોજ (૪ જાન્યુઆરી) સેન્સપ્રક્રિયા અને ઉમેદવારી ફોર્મ સ્વીકારતી વખતે એક શિસ્તભંગની ઘટનાઓ સામે આવી છે.

## બંટી-બબલી ઝડપાયા : રાજકોટમાં ચોરી કરીને ભાગે એ પહેલાં પોલીસે દબોચ્યા

। માહિતી બ્યુરો, રાજકોટ, તા.૪ ।

રાજકોટ શહેરના માધાપર ચોક નજીક ગાંધી સોસાયટીમાં વેપારીના બંધ મકાનમાંથી ૭.૨૨ લાખની ચોરીના ગુનામાં રાજકોટ એલસીબી ઝોન ૨ની ટીમે આરોપી બંટી-બબલીની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં આરોપી વિરુદ્ધ અગાઉ મહારાષ્ટ્ર અને બેંગલુરુમાં ૨૮ જેટલા ઘરફોડ ચોરીના ગુના નોંધાઈ ચૂક્યા છે. જ્યારે ગુજરાતમાં તે પ્રથમ વખત જ પોતાની પ્રેમિકાની સાથે ચોરીને અંજામ આપી નાસી છૂટે એ પહેલાં જ પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી.તેની પાસેથી સોના-ચાંદીના દાગીના, વિદેશી કરન્સી સહિત કુલ રૂપિયા ૧૭.૯૫ લાખનો મુદામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.રાજકોટ શહેરના માધાપર ચોકડી પાસે આવેલી ગાંધી સોસાયટી શેરી નંબર ૬માં રહેતા વ્હોરા વેપારી ખોજીમભાઈ ફિદાહુસૈન ભારમલ (ઉં.વ.૫૮) તેમના પરિવાર સાથે વિયેતનામ ફરવા માટે ગયા હતા. આ પછી ઘરે આવી જોતાં તેમના ઘરનું તાળું તૂટેલું હતું અને ઘરમાંથી સોના-ચાંદીનાં ઘરેણાં અને રોકડ રકમ રૂપિયા ૩૦ હજાર સહિત રૂપિયા ૭.૨૨ લાખની મતા ચોરી કરી થયા અંગેની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાઈ હતી.એના આધારે ગાંધીગ્રામ પોલીસ તેમજ એલસીબી ઝોન ૨ ટીમ આરોપીઓને પકડવા માટે કામે લાગી હતી. પોલીસની અલગ અલગ ટીમો દ્વારા અલગ અલગ સીસીટીવી ફૂટેજ તપાસી ટેક્નિકલ તેમજ હ્યુમન સોર્સિસ આધારે તપાસ હાથ ધરી હતી.







## તંત્રી લેખ...

# અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા

મનીષ સિસોદિયાની ધરપકડ આમ આદમી પાર્ટી માટે ઈતિહાસનું એક ચક્ર પૂરું કરવા સમાન છે. સિસોદિયા દિલ્હી સરકારમાં જ નંબર બે નથી, પરંતુ પાર્ટીમાં પણ તેઓ નંબર બેની હેસિયત ધરાવે છે. તેમનું મહત્ત્વ સરકાર અને પાર્ટીથી વધારે એ વાતથી છે કે અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા. મનમોહન સરકારે જ્યારે અન્ના અને કેજરીવાલને તિહાર જેલમાં મોકલ્યા હતા, ત્યારે સિસોદિયા પણ જેલમાં ગયા હતા. કેજરીવાલ સાથે તેમની ગાઢ મિત્રતા છે. અન્ના આંદોલનની રૂપરેખા પણ બંનેએ મળીને બનાવી હતી. ચહેરા તરીકે અન્નાની પસંદગી પણ બંનેએ મળીને જ કરી હતી. કહી શકાય કે અન્ના આંદોલનના નાયક જો કેજરીવાલ હતા, તો સિસોદિયાની ભૂમિકા પણ નાયકથી ઓછી ન હતી. એવામાં ભ્રષ્ટાચાર વિરોધી નાયકનું ભ્રષ્ટાચારના આરોપમાં જેલ જવું ઘણું વિરોધાભાસી છે. આપ સરકારની શરાબ નીતિ પહેલેથી જ વિવાદોમાં હતી. શરાબના કોન્ટ્રાક્ટ ખાનગી હાથમાં આપવાના સરકારના નિર્ણય પર પહેલા દિવસથી જ સવાલ ઉઠવા લાગ્યા હતા. એમ કહેવું મુશ્કેલ છે કે શરાબ નીતિમાં કૌભાંડ થયું કે નહીં, તે તપાસનો વિષય છે, પરંતુ જે રીતે નવા ઉપરાજ્યપાલના આવ્યા બાદ સીબીઆઈ તપાસના આદેશ આપવામાં આવ્યા, તેના તરત બાદ મનીષ સિસોદિયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને નવી નીતિ માટે પૂર્વ ઉપરાજ્યપાલ અનિલ બૈજલને જવાબદાર ઠેરવવામાં આવ્યા, તેનાથી આખી શરાબ નીતિને બદલવાની શંકાને પાકી કરવામાં મોટી ભૂમિકા નિભાવી કે ક્યાંકને ક્યાંક કોઈ ગરબડ તો છે જ! શંકાની દીવાલ ત્યારે વધુ મોટી થઈ જાય છે જ્યારે ગોવા અને પંજાબની ચૂંટણી દરમ્યાન પાણીની જેમ પૈસા વહાવવામાં આવ્યા. ટીકાકારો સવાલ પૂછવા લાગ્યા હતા અને આ જ એ ક્ષણ હતી જ્યારે સરકારી એજન્સીઓને આપ પર હાથ નાખવાનો મોકો મળી ગયો. આ આરોપોમાં કેટલો દમ છે અને તેમાં સિસોદિયાની શી ભૂમિકા છે એ તો અદાલતમાં સાબિત થશે, પરંતુ પાર્ટી પર દાગ ચોક્કસ લાગી ગયો. એ માનવું થોડું મુશ્કેલ છે કે સિસોદિયા જેવા નેતા પર કેન્દ્ર સરકારે એમ જ હાથ નાખી દીધો હોય. આમ આદમી પાર્ટી ૨૦૧૦ના દાયકામાં એક એવા વિચાર તરીકે ઉભરી હતી, જેને સત્તા અને રાજનીતિના અશ્લીલ અને ઘૃણિત ગઠબંધન વિરુદ્ધ વિદ્રોહ કહી શકાય. તેણે ભ્રષ્ટાચારના વિરોધમાં દેશમાં એવી હવા ઊભી કરી કે મનમોહન સિંહની સરકાર ઊડી ગઈ, કોંગ્રેસ સંકટમાં ઘેરાઈ ગઈ અને મોદી નામનો વિચાર દેશ પર છવાઈ ગયો. આપ પાસે દેશ-દુનિયાને નવી દૃષ્ટિ આપવાની આશા લોકો રાખતા હતા. એ સંજોગ નથી કે જ્યારે મોદીનું વાવાઝોડું આખા દેશમાં ફરી રહ્યું હતું.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઈ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઈ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઈ રહી છે. તબીબો કહે છે કે આઈસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઈ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



## આજકાલ

લેખક : દીપક જગતાપ

## ખિસકોલીની કુલ ૩૬ પ્રજાતિઓ છે

**ખિસકોલી ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી. પણ એક લાંબી છલાંગ લગાવે છે. ઉડતી ખિસકોલી એટલે પક્ષીની જેમ તેં ઉડતી નથી. પણ ઉડતી ખિસકોલીના આગળના બે પગ અને પાછળના બે પગ તદ્દન પાતળી ચામડીથી જોડાયેલા હોય છે.**

# ભાગ્યેજ જોવા મળતી અને લુપ્ત થવાને આરે આવેલ ઉડતી ખિસકોલી:એક દૂર્લભ સસ્તન પ્રાણી

**એ જ્યારે ચારે પગ ખોલે તો જાણે ચાર પગ વડે રૂમાલ પકડીને ખોલ્યો હોય એવી સ્થિતિ સર્જાય છે. એ સ્થિતિમાં ખિસકોલી વૃક્ષ ઉપરથી હવામાં પડતું મૂકે તો નીચે પડવાને બદલે હવામાં ટકી જાય છે. જાણે પેરેશૂટ જોઇ લો!**



ખિસકોલી તો સૌ કોઈએ જોઈ હશે. પટાવાલી અને અત્યંત ચપળ એવી ઝાડ પર સડસડાટ ચઢી જતી ખિસકોલી વિશે આજે વાત નથી કરવી પણ આજે આપણે ભાગ્યેજ કોઈએ જોઈ હોય એવી અત્યંત દુર્લભ ગણાતી એવી ઉડતી ખિસકોલી વિશેની આજે વાત કરવી છે. ઉડતી ખિસકોલી એટલે પક્ષીની જેમ તેં ઉડતી નથી. પણ ઉડતી ખિસકોલીના આગળના બે પગ અને પાછળના બે પગ તદ્દન પાતળી ચામડીથી જોડાયેલા હોય છે. એ જ્યારે ચારે પગ ખોલે તો જાણે ચાર પગ વડે રૂમાલ પકડીને ખોલ્યો હોય એવી સ્થિતિ સર્જાય છે. એ સ્થિતિમાં ખિસકોલી વૃક્ષ ઉપરથી હવામાં પડતું મૂકે તો નીચે પડવાને બદલે હવામાં ટકી જાય છે. જાણે પેરેશૂટ જોઈ લો! પોતાના પગ જરાક ઊંચા નીચા કરીને એ સહેજ ઢાળ બનાવે એટલે હવામાં અદ્રશ્ય લપસણી પર સરકતી હોય તેમ બીજા વૃક્ષ સુધી પ હોંચી શકે છે. એટલા નાના નાના અંતર સુધી તે ઊડતી રહે છે. આના લીધે જ તેનું નામ 'ઉડતી ખિસકોલી' પડયું છે. આ ખિસકોલી ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી. પરંતુ એક ઉંચા વૃક્ષ પરથી થોડે દુર આવેલ બીજા ઉંચા વૃક્ષની નિચેની તરફની ડાળી પર એક લાંબી છલાંગ લગાવે છે. તેમ કહી શકાય છે. આગળના એને પ ાછળના પગો વચ્ચે જોડાયેલી વધારાની ચામડીની મદદથી તે હવામાં થોડાક અંતર સુધી સરકી શકે છે. મોટી ઊડતી ખિસકોલી વિશેષતા એ છેકે આવી વધારાની ચામડી પગની એડીના ભાગેથી લઈને પુંછડી સાથે પણ તે જોડાયેલી હોય છે. જ્યારે કોઈ શિકારી હુમલો કરે છે, ત્યારે ખિસકોલી તરત જ બીજા ઝાડ પર ઉડે છે, સફળતાપૂર્વક છટકી જાય છે. મોટા પક્ષીથી ઉડવું એટલું સરળ નથી. પરંતુ ખિસકોલી એક ઘડાયેલું ઘુવડ અથવા ઘુવડને પણ મૂંઝવણમાં રાખીને ફ્લાઈટનો માર્ગ બદલી શકે છે. ખિસકોલી ઓક, દેવદાર અને શીશમના વૃક્ષો પર પોતાનો માળો બનાવીને રહે છે. તે ભૂરા રંગની હોય છે. તેને ૩થી ૫૦ સેન્ટીમીટર લાંબી ઉડાન ભરતા જોવાઈ છે. આ પ હાડી વિસ્તારોમાં તે મોટી સંખ્યામાં મળી આવતી હતી, પરંતુ કપાતા જંગલો અને ગ્લોબલ વોર્મિંગના કારણે તેની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ. હવે તેને વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટના શિડ્યૂલ-૨માં સામેલ કરાઈ છે. ઉડતી ખિસકોલી આખો દિવસ વૃક્ષની બખોલમાં ભરાઈ રહે છે અને સાંજે ખોરાકની શોધમાં વૃક્ષની ટોચ સુધી કૂદાકૂદ એટલે કે ઊડાઊડ કરે છે. આખો દિવસ બખોલમાં સૂઈ રહેતી હોવા છતાં તે આખી રાત સક્રિય રહે છે.આ ખિસકોલીની લંબાઈ માત્ર ત્રણ કે ચાર ઈંચ હોય છે. તે આટલી નાનકડી હોવાને લીધે તેને 'પોકેટ પેટ' પણ કહે છે. તે પૂંછડી સાથે વધુમાં વધુ સાત કે આઠ ઈંચની લંબાઈ ધરાવે છે, જ્યારે તેનું વજન ૮૫ ગ્રામ જેટલું જ હોય છે. તેની રુવાંટી મુલાયમ અને રંગ ભૂખરો, લાલ ને આછો રાખોડી હોય છે. ઉડતી ખિસકોલીની લંબાઈ ૩૭ સે.મી હોય છે. તેની પુંછડીની લંબાઈ ૪૧ સે.મી હોય છે. તેનું વજન ૧.૫ થી ૨ કિ.ગ્રા હોય છે. ઉડતી ખિસકોલીનું આયુષ્ય ૧૫ થી ૧૭ વર્ષનું હોય છે. આ પ્રાણી નિશાચર હોય છે. ઉડતી ખિસકોલી સમી સાંજમાં પણ ખોરાકની શોધમાં જોવા મળે છે. તેમજ તે આખી રાત ખોરાક માટે ફર્યા કરે છે. દિવસ દરમિયાન આ ખિસકોલી વૃક્ષની બખોલમાં કે ઘાટી ડાળખીઓમાં સુતી જોઈ શકાય છે. આ ખિસકોલીના માથાથી લઈને શરીર પરનો રંગ બદામી કે કોફી જેવો કંથ્થાઈ રંગનો હોય છે. અમુક વિસ્તારમાં તે ભુખરા રંગની પણ જોવા મળે છે. ગળું, છાતી, અને પેટવાળો ભાગ આછા ભુખરા રંગનો હોય છે કાન મોટા હોય છે. જેની કિનારી લાલશ પડતા કથ્થાઈ રગંની હોય છે. પુંછડી એક સરખી કથ્થાઈ પડતા ભુખરા રંગની હોય છે. કેટલીક ખાસ ખિસકોલીમાં પુંછડીની ટોચ ઘટ્ટ રંગની હોય છે. સુર્યાસ્ત થતાની સાથે જ તેના વૃક્ષ પરના રહેઠાણ માંથી ભ્રમણ માટે એકલવાયી નીકળી પડે છે. કયારેક મધ્યરાત્રે પરત ફરે છે. અને ખોરાક ન મળ્યો હોય તો વહેલી સવાર સુધી વૃક્ષો પર ફરતી રહે છે. વૃક્ષોના થડ પર તે કુદતાં કુદતાં જોવા મળે છે. ફળ, બીજ, છાલ, ગુંદર, કે જીવડાં ખાતી વખતે તે તેના આગળના બે પગ વડે ખોરાકને પકડીને મોઢા આગળ રાખીને આગળના દાંત વડે કોતરતી કોતરતી ખાય છે. ખોરાક કઠણ હોય તો તેનો અવાજ પણ આવે છે. તેની આ ખાસીયતને લીધે કર્તનશીલ પ્રાણીઓમાં સમાવિષ્ટ થયેલી છે. એક બીજા સાથે અવાજથી સંપર્કમાં રહે છે. ચીસ પાડીને મોટે ભાગે ભય વ્યકત કરે છે. સામાન્યરીતે આ ખિસકોલી ભુખરા રંગની અને આકારમાં સામાન્ય ખિસકોલી કરતા મોટી હોય છે. ઉડતી ખિસકોલી ખોરાકમાં ફળ, ફુલ, પાન, બીજ, જીવડાં, કોશેટા વગેરે ખાય છે. ઊડતી ખિસકોલી શુલપાણેશ્ર્વર અભયારણ્યમાં કાલવટ, વાવ, દુથર વગેરે વિસ્તારોમાં જોવા મળે છે. અમેરિકન ઉડતી ખિસકોલી જીવડાં, પક્ષીનાં ઊંડા, નટ્સ અને વિવિધ પ્રકારના ફળ ખાય છે. તેઓ ઊંચા વૃક્ષો પર રહેતી હોવાથી તેને જમીન પર દોડવાનું ખાસ ફાવતું નથી.



## નિષ્ણાંતોની ચેતવણી : પાણીનો બગાડ જળ કટોકટી સર્જી શકે છે

**વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઇ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઇ છે**

# પાણીની સમસ્યા વધુ વિકરાલ બનશે

**તમામ દેશો સામે આજે તેમના લોકોને શુદ્ધ પીવાનુ પાણી આપવાની બાબત સૌથી પડકારરૂપ બની ચુકી છે : નવા પ્રયોગો પણ જારી છે**



માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં હવે પાણીની સમસ્યા દિન પ્રતિદિન વધુને વધુ વિકરાલ બની રહી છે. આ સમસ્યા તરફ જો ગંભીરરીતે ધ્યાન આપવામાં નહી આવે તો વધારે ખતરનાક બની શકે છે. આજે વિશ્વના મોટા ભાગના દેશો તેમના દેશમાં નાગરિકોને શુદ્ધ પાણી આપવામાં મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રે હાલમાં ચેતવણી આપતા કહ્યું છે કે જો પાણીના બગાડને રોકવામાં નહી આવે તો ટુંક સમયમાં જ વિશ્વને ગંભીરત જળ સંકટનો સામનો કરવાની ફરજ પડી શકે છે. વિશ્વ જળ વિકાસ રિપોર્ટની માહિતી દર ત્રણ વર્ષમાં જારી કરવામાં આવે છે. આ રિપોર્ટને તૈયાર કરવામાં જળ વિજ્ઞાન, અર્થશાસ્ત્રીઓ અને સામાજિક મુદ્દા સાથે જોડાયેલા નિષ્ણાંતો દ્વારા યુનેસ્કોની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવે છે. દુનિયાની વસ્તી હાલમાં જે રોકેટ ગતિથી વદી રહી છે તે જોતા તમામને સ્વચ્છ પીવાનુ પાણી ઉપલબ્ધ કરાવવાની બાબત વિશ્વના તમામ દેશો માટે હવે એક મોટા પડકાર તરીકે છે. પૃથ્વીના આશરે ૭૧ ટકા વિસ્તાર પર પાણી છે. પરંતુ આ જળ પૈકી ઉપયોગી જળનુ પ્રાણ માત્ર ત્રણ ટકા છે. હકીતમાં ખુબ ઓછા પ્રમાણમાં જ જળ માનવી માટે ઉપયોગી છે. પાણીની સમસ્યા આજે ભારતના મોટા ભાગના વિસ્તારોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચુકી છે. પાણીને બચાવવા માટેનો એક સરળ તરીકો વરસાદના પાણીને નુકસાન થતા રોકવાનો છે. આ વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે. ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઈ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઈ છે. આજે દેશમાં બોટલમાં ઉપલબ્ધ પાણીનો કારોબાર સતત વધી રહ્યો છે. ચોક્કસપણે આ કોઈ સારા સમાચાર નથી. અંદાજ કહે છે કે ભારતમાં આશરે ૬૫-૭૦ ટકા પાણીનો ઉપયોગ કૃષિ કાર્ય પર ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગોમાં પણ જળનો ઉપયોગ સતત વધી રહ્યો છે. સમસ્યા એ ઉભરીને આવી છે કે કૃષિ અને ઉદ્યોગને પુરતા પ્રમાણમાં પામી મળી રહ્યુ નથી. સાથે સાથે સામાન્ય લોકોને પણ પુરતુ પાણી મળી રહ્યુન થી. ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનાવી દેવામાં જળ સંશાધનનુ પણ એટલુ જ મહત્વ છે જેટલુ મહત્વ ઉર્જા અને અન્ય ક્ષેત્રોનુ છે. પરંતુ જળ સાચવણીનો મુદો કેમ ગંભીરતાપૂર્વક હાથ ધરાતો નથી તે બાબત ગળે ઉતરતી નથી. આ સ્થિતી દેશની ગતિને ધીમી ધીમી પડનાર તરીકે છે. વરસાદના પાણીનેસંગ્રહ કરીને રાખવા અને પ્રદુષિત પાણીને ઉપયોગ કરનાર તરીકે બનાવવાની દિશામાં ગંભીરતાપૂર્વકધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આવી જ રીતે ભૂગર્ભ જળને પણ પ્રદુષણથી બચાવી લેવાની દિશામાંપહેલ કરવાની જરૂર છે. જરૂર પડવાની સ્થિતીમાં દરિયાઈ જળને સિચાઈના પાણી તરીકે ઉપયોગ કરવાની દિશામાં નવી પદ્ધિતી વિકસિત કરવાની પણ જરૂર છે. જો જળના જતન અને સંગ્રહ માટે કોઈ નક્કર પગલા લેવામાં આવસે નહી તો પાણીનુ સંકટ દેશ માટે સંકટ ઉભા કરી શકે છે. આધનિક સમયમાં દુનિયામાં અનેક દેશ અને ખાસ કરીને વિકાસશીલ દેકોઈને કોઈ જળ સમસ્યાથી ગ્રસ્ત છે. જળ ઍક ગતિશીલ સાધન તરીકે છે. અલબત્ત તેની ઉપલબ્ધતા અને વિતરણ અંગે કોઈ આગાહીવ નિશ્ચિત તરીકેથી કરી શકાય નહી પરંતુ તેની સંભવિત અસરને લઈને ચોક્કસરપણે મુલ્યાંકન કરી શકાય છે.જળ આર્થિક વિકાસ તથા પર્યાવરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. જેથી પાણી અનેક ક્ષેત્રમાં ઉપયોગી છે. જળ સ્તરના ઘટી જવાના અનેક કારણો રહેલા છે. જેમાં વન્ય વિસ્તારોમાં અને ઘાસના મેદાનમાં વારંવાર ફાટી નિકળતી આગની બાબત સામેલ છે. હિમાલિયન ક્ષેત્રો અને અન્ય ક્ષેત્રમાં ખાણની પ્રવતિ પણ જળ સ્તરને ઘટાડી દેવામાં ભૂમિકા ભજવે છે.આ ઉપરાંત વન્ય ક્ષેત્રોને સતત ઓચા કરવાની બાબત પણ સામેલ છે. પાણીનો દુરપયોગ હાલમાં સતત વધી રહ્યો છે. નળ અને પંપના વધતા જતા ઉપયોગનો અર્થ છે કે ભૂગર્ભ જળનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે હાલ હાલમાં અન્ય. તમામ સંશાધનોનો છે તે હાલ પાણીનો પણ છે.



## ટિપ્સ : હેલ્થકેર એન્જિનિયર બનીને ભવિષ્ય બનાવી શકાય છે

**સસ્તી સારવારની ઇચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે**

# આરોગ્ય સેવાની માંગમાં વધારો થયો

**શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે**

કોરોના કાળના કારણે દેશમાં હવે આરોગ્ય સેવાની માંગમાં વધાર થઈ રહ્યો છે. ભારતમાં હેલ્થકેર એન્જિનિયર બનીને કેરિયર બનાવી શકાય છે. ભારતમાં એમ પણ આરોગ્ય નિષ્ણાંતોની વ્યાપક અછત રહેલી છે. સસ્તી સારવારની ઈચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે. આને પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ માટે હેલ્થકેર એન્જિનિયર પાઠ્યક્રમ એક નવી તક તરીકે છે. ભારતમાં હાલમાં આરોગ્ય સેવાની માંગ વધી રહી છે. આ પાઠ્યક્રમમાં ઉમેદવારને માત્ર પોતાના વિષયને સમજવામાં મદદ મળે છે બલ્કે કારોબાર અને ટેકનોલોજી કુશળતાની સાથે કુશળતા રહે તે જરૂરી છે. શોધ કરનાર આજની પ્રાંસગિક સમસ્યાની ઓળખ કરવા અને તેમને હલ કરવામાં મદદ મળે છે. શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે. આ એક બહુ વિષયક વિશેષતાથ ભરેલ છે. જે આરોગ્ય અને એન્જિનિયરિંગ પ્રોફેશનલ બનેને સામેલ કરીને એન્જિનિયરિંગ દ્રષ્ટિકોણના માધ્યમથી આ ક્ષેત્રને આગળ વધારી દેવામાં મદદ મળે છે. હેલ્થકેર એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી હાંસલ કરવા માટે ઉમેદવારને જીવવિજ્ઞાન, ગણિત, ભૌતિકી અને રસાયણ વિજ્ઞાન જેવા વિજ્ઞાન વિષયની સાથે ધોરણ ૧૨ની પરીક્ષા આપવાની હોય છે. હેલ્થકેરમાં એન્જિનિયરિંગ હમેંશા માંગમાં રહે છે. આ એક ખોટી ધારણા છે કે માત્ર એ લોકો જ જે બાયોમેડિકલ અને ક્લીનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરી ચુકેલા ઉમેદવારો જ હેલ્થકેર એન્જિનિયરિંગમાં જઈ શકે છે.

અહીં સુધી કે રસાયણિક, નાગરિક, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલ પર્યાવરણ, ઔદ્યોગિક સુચના, સામગ્રી, મેકેનિકલ સોફ્ટવેર તેમજ સિસ્ટમ એન્જિનિયરિંગવાળા વિદ્યાર્થી પણ આને પસંદ કરી શકે છે. આ યાત્રિકીના તરીકાના ઉપયોગ કરીને જૈવિક પ્રણાલીની યાત્રિક પાસાની સરંચના , કાર્ય અને ગતિમાં અભ્યાસ કરવામાં આવે છે. જેનેટિક એન્જિનિયરિંગ અને આરોગ્ય સુચના વિજ્ઞાનમાં પણ અભ્યાસ કરવામાં આવે છે. આ કોશિકાના આનુવાશિક મેક અપને બદલવા માટે ઉપયોગ કરવામાં આવતા ટેકનોલોજી અંગે માહિતી મેળવી લેવામા આવે છે. જેમાં પ્રજાતિઓના સુધારા માટે ઉત્પાદન સામેલ છે. તબીબી સાધનો હેઠળ વિદ્યાર્થીઓને એવા સાધનના સંબંધમાં માહિતી હોવી જોઈએ. જે દર્દીને આરોગ્ય સેવા આપવામાં મદદ મળે છે. સાથે સાથે ઉપચાર કરવામાં મદદ મળે છે. બિમારી અથવા તો બિમારીને દુર કરવા માટે મદદ કરે છે. જેના કારણે તેમની લાઈફમાં ગુણવત્તામાં સુધારો થાય છે. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ ઈમરજન્સી એક એવી સ્થિતી છે જેના કારણે સામાન્ય પ્રક્રિયાને અસર થાય છે. તાત્કાલિક રીતે લોકોને આરોગ્યની સુવિધા મળે તે જરૂરી છે. જો તમે આરોગ્ય પડકારોમાં રસ ધરાવો છો તો આરોગ્ય સેવા એન્જિનિયરિગમાં કેરિયર બનાવીને લોકોની મદદ કરી શકાય છે. આ ખુબ માંગમાં છે. ભવિષ્યમાં આરોગ્ય સેવાને વધારે મહત્વ મળનાર છે. મહામારી વિજ્ઞાનમાં અભ્યાસને હવે મહત્વ મળનાર છે. મશીન શિખવા અને ડેટા વિજુઅલાઈઝેનના સંબંધમાં મોડલને ડિઝાઈન કરવામા મદદ મળે છે. સાથે સાથે માન્યકરવામાં મદદ મળે છે. આરોગ્ય સેવાના વર્તમાન સંકટના ગાળા દરમિયાન તેની ઉપયોગિતા વધી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND
CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

CMYK



# હેરને ખરતા અટકાવવા માટે અજવાવો આ ઉપાયો

આજકાલ નાની વયમાં વાળ સફેદ થવા અને વાળ ખરવાની સમસ્યા સામાન્ય બની રહી છે. હેરની સારસંભાળ માટે, માથામાં નાળિયેર તેલની માલિશ કરવાની સલાહ આપવામાં આવે છે. આ ઉપાયો અપનાવવાથી તમારા વાળ પહેલા જેવા જ કાળા અને ઘટ્ટ પણ થશે.

### નાળિયેર તેલ અને લીમડાના પાન

વાળના નિષ્ણાતોના મતે, જો તમારા વાળના મૂળ નબળા થઈ રહ્યા છે, તો તમે નારિયેળના તેલમાં મીઠા લીમડાના પાનનો ઉપયોગ કરી શકો છો. આ માટે સૌ પ્રથમ પાંદડાને સૂકવી લો. ત્યાર બાદ તે સૂકા પાનને નારિયેળના તેલમાં નાખીને ગરમ કરો. થોડીવાર ગરમ કર્યા પછી, તે તેલને કાઢી લો અને તેને ઠંડુ કરો અને પછી તે દ્રાવણને વાળના મૂળમાં લગાવો. આમ કરવાથી તમારા વાળના મૂળ મજબૂત બને છે અને વાળ ખરવા પણ લાગે છે.

### નારિયેળ તેલમાં એલોવેરા જેલ મિક્સ કરો

વાળમાં નાળિયેર તેલમાં એલોવેરા લગાવવું પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. ખરેખર, એલોવેરા જેલમાં વિટામિન-એ, બી અને બી12 જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. જ્યારે નારિયેળ તેલમાં એન્ટીબેક્ટેરિયલ અને એન્ટિમાઈક્રોબાયલ ગુણ હોય છે. આ બંનેના મિશ્રણને લગાવવાથી વાળ મજબૂત બને છે અને તેમાં ખંજવાળની સમસ્યા પણ રહેતી નથી. તેનાથી વાળમાં ચમક પણ વધે છે

### એરંડાના તેલનો ઉપયોગ

વાળ ખરતા અટકાવવા માટે તમે નારિયેળના તેલમાં એરંડાનો ઉપયોગ પણ કરી શકો છો. એરંડાના તેલમાં ફેટી એસિડ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે મૂળને મજબૂત બનાવે છે અને વાળ ખરતા અટકાવે છે. આ બંનેનું મિશ્રણ લગાવવાથી વાળમાં જમા થયેલી ગંદકી પણ દૂર થાય છે અને સમય પહેલા સફેદ થતાં નથી.



# કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર ભરેલો છે

કોળુ જેને પમ્પકીન કહેવાય છે, તેના બીજ મોટા ભાગે લોકો ફેંકી દેતા હોય છે. પણ કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર હોય છે. કોળાના બીજને જો થોડા પણ ડાયટમાં સામેલ કરી લેવામાં આવે તો, આપણને કેટલીય બીમારીઓથી બચાવી શકે છે. તે પોષક તત્વોથી ભરપૂર હોય છે. થોડી માત્રામાં પણ કોળુના બીજ ખાવાથી હેલ્ધી ફેટ, મેગ્નેશિયમ, ઝિંક, પ્રોટીન, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ, મેગ્નીઝ, આયરન, કેટલાય પ્રકારના વિટામિન સહિત એન્ટીઓક્સિડેંટ્સનો હાઈ ડોઝ મળી શકે છે. હાઈ એન્ટીઓક્સિડેંટ્સના કારણે કોળાના બીજ કેન્સર સહિત કેટલીય બીમારીઓથી બચાવે છે. તે કોલેસ્ટ્રોલ અને બ્લડ શુગરને ખૂબ જ જલ્દી ઘટાડી દે છે.

પેશાબ સંબંધિત સમસ્યાઓથી મુક્તિ : કોળાના બીજના સેવનથી પેશાબ સંબંધિત સમસ્યાઓથી છુટકારો અપાવે છે. પમ્પકીન સીડ્સ પ્રોસ્ટેટિક હાઈપરલેપ્સિયા જેવી બીમારીઓથી રાહત પહોંચાડે છે. કોળાના બીજ બ્લેડરની બીમારીથી છુટકારો અપાવે છે. આ યૂરેનરી ઈંફેક્શનને કામ કરે છે અને યૂરીનરી ફંક્શનને તેજ કરે છે.

હાર્ટ એટેકના ખતરામાં કમી : કોળાના બીજમાં એન્ટીઓક્સિડેંટ્સ, મેગ્નેશિયમ, ઝિંક અને અનસૈચુરેટેડ ફેટ જોવા મળે છે, જે હાર્ટના હેલ્થ માટે ખૂબ જ ઔષધિવર્ધક છે. એટલા માટે કોળાના બીજ હાર્ટ એટેક અથવા સ્ટ્રોકના જોખમને કમ કરે છે. તો વળી કોળાના બીજને કોલેસ્ટ્રોલ લેવલને પણ ખૂબ જ કમ કરે છે, જેનાથી ધમણીઓમાં પ્લેક જમા થવાનો ખતરો કમ કરે છે. એક અધ્યયનમાં જણાવ્યા અનુસાર કોળાના બીજ ગુડ કોલેસ્ટ્રોલને વધારે છે અને બેડ કોલેસ્ટ્રોલને ઘટાડે છે.

બ્લડ શુગરમાં કમી : કોળાના બીજમાં ડાયાબિટીઝ દર્દીને ખૂબ જ ફાયદો મળે છે. તેનાથી બ્લડ શુગરને ઘટાડી શકે છે. ઉંદર પર કરવામાં આવેલા એક સંશોધનમાં કોળાના બીજના પાઉડરથી તેમાં બ્લડ શુગરને ખૂબ જ વધારે માત્રામાં ઘટાડે છે. તો વળી માણસો પર કરવામાં આવેલા એક અન્ય અધ્યયનમાં એ સામે આવ્યું છે કે, રોજ 65 ગ્રામ કોળાના બીજ ખાવાથી વધારે બ્લડ શુગરને કમ કરી શકાય છે.

# બાળકોને ગેસની સમસ્યા થાય તો અપનાવો આ ઘરેલુ ઉપાયો



નાના બાળકોને ગેસની તકલીફ સૌથી વધારે થતી હોય છે. પેટમાં ગેસની સમસ્યા થાય ત્યારે બાળક રડવા લાગે છે. બાળક નાનુ હોવાથી તે બોલી શકતું નથી. જેના કારણે માતા-પિતા એ જાણી શકતા નથી કે તેને શું થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં માતા-પિતા પણ પરેશાન થઈ જાય છે. આમ, તમારા બાળકને પણ વારંવાર પેટમાં ગેસ થઇ જાય છે તો આ ઘરેલુ ઉપાયો અસરકારક છે.

### એલાયચી

એલાયચીમાં આયર્ન, ફાઈબર, પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને વિટામિન C જેવા ઘણા પોષક તત્વો હોય છે જે પાચન અને ગેસ સંબંધિત સમસ્યાઓને દૂર કરે છે. બાળકને એલાયચીવાળુ દૂધ આપી શકો છો અથવા જમવામાં પણ 1 કે 2 એલાયચી મિક્સ કરીને આપો. એલાયચી બાળકોને આપવાથી ઉલ્ટી અને પાચન સંબંધી ઘણી સમસ્યાઓને દૂર થાય છે.

### અજમો

અજમો શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેને ખાવાથી ખોરાક સરળતાથી પચી જાય છે. બાળકોને અજમો આપવા માટે એક બાઉલમાં 1/4 વાટકી પાણીને ઉકાળી લો. પાણીને ઉકળ્યા પછી તેમાં 1/2 ચમચીથી ઓછો અજમો ઉમેરો. પાણીને સારી રીતે ઉકાળ્યા પછી તેને ગાળીને નવશેકું પાણી બાળકને પીવડાવો. બાળકને અજમાની ચા પણ આપી શકાય છે. બાળકને અજમો મર્યાદિત માત્રામાં જ આપો.

# બબુ પોચા ખાવાના અઢળક ફાયદા...



બબુ પોચા એ ખુબ જ લોકપ્રિય ફળ છે. ભારતમાં આ ફળની ખેતી ઉત્તર પ્રદેશ, પંજાબ અને કાશ્મીરમાં થાય છે. બબુ પોંચામાં રહેલ ખનીજ વિટામિન સ્વાસ્થ્ય માટે ખુબ લાભદાયી છે. તેના અઢળક ફાયદા વિષે બહુ ઓછા લોકો જાણે છે.

બબુ પોચા ખાવાથી પાચનક્રિયા સારી રહે છે. જે લોકોને જમ્યા પછી ખાધેલું પચવામાં પ્રોબ્લેમ થતો તેના માટે આ ફળ મદદરૂપ થાય છે. તેમાં ફાયબર સારી માત્રમાં હોય છે તેનાથી પાચનતંત્ર મજબૂત બને છે. તેમાંથી આયરન મળતું હોવાથી તે હિમોગ્લોબીન સારી માત્રમાં વધારી શકે છે.

આ ફળમાં વિટામિન સી પણ હોય છે જે રોગ પ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. શરીરને અલગ અલગ રોગોથી લડવાની તાકાત મરે છે. તમને જો હાડકાને લગતી કોઈ સમસ્યા હોય તો આ ફળ નું સેવન ફાયદાકારક રહેશે. આમ બુરોન નામનું રાસાયણિક તત્વ મળી રહે છે જે કેલ્શિયમ લેવલને જારવી રાખવાનું કામ કરે છે.

બબુ પોચાને ખાવાથી સ્કીન પણ ચમકે છે અને બોડીને ભરપૂર એનર્જી મળે છે. શરીર ઉપર સોજો આવ્યો તો તેને ઓછો કરવામાં પણ મદદરૂપ થાય છે. તમે વધુ મહેનત વાળું કામ કર્યું અથવા કસરત કરીને આવ્યા હોય તો આનો જ્યુસ પીવાથી મસલ્સ ને આરામ મળે છે. તમે દિવસભર કામ કરીને થાક્યા હોય તો આ એક ફળ ખાઈ લો તો તણાવમુક્ત થઈ જાઓ છો.



# તહેવારની મોસમમાં ઘરે બનાવો અંજીર બરફી

તહેવારની મોસમ ચાલી રહી છે, દરેકના ઘરે તહેવાર પર ગળ્યું બનાવવામાં આવે છે. તહેવાર દરમિયાન ઘણા લોકોના ઘરે બરફી બનાવવામાં આવે છે. તે ખૂબ જ સરળતાથી તૈયાર પણ થાય છે. ઘણા લોકો બરફી ઘરે બનાવે છે, પરંતુ તે બજાર જેટલી નરમ નથી બનતી. પરંતુ અમે તમને સોફ્ટ અંજીરની બરફી કેવી રીતે બનાવવી તેના વિશે જણાવીશું. જેને મોઢામાં મુકતા જ પીગળવા લાગશે. આ મીઠાઈનો સ્વાદ એવો છે કે બાળકોને પણ તે ખૂબ પસંદ આવે છે. તો ફટાફટ નોંધી લો અંજીરની બરફીની રેસિપી

### સામગ્રી

175 ગ્રામ અંજીરના ટુકડા, 75 ગ્રામ બીજ વગરની ખજૂર, 50 ગ્રામ કિસમિસ, 50 ગ્રામ પિસ્તા ઝીણા સમારેલા, 50 ગ્રામ કાજુ ઝીણા સમારેલા, 50 ગ્રામ બદામ ઝીણી સમારેલી, 04 ચમચી દેશી ઘી.

### અંજીરની બરફી બનાવવાની રીત

સૌથી પહેલા અંજીર, ખજૂર અને કિસમિસને મિક્સરમાં પીસીને પેસ્ટ બનાવી લો. ધ્યાન રાખો પીસતી વખતે પાણી નાખવાનું નથી. હવે પેનને ગેસ પર મૂકો તેમાં બે ચમચી દેશી ઘી ઉમેરો. ત્યારબાદ કાજુ, બદામ અને પિસ્તાને હલકા સોનેરી થાય ત્યાં સુધી સાંતળો. જે બાદ તેને એક વાસણમાં કાઢી લો. હવે આ પેનમાં ફરીથી ઘી નાખી ધીમી આંચ પર અંજીરની પેસ્ટ ઉમેરો અને સાતથી આઠ મિનિટ સુધી સાંતળો. આ પછી તેમાં શેકેલા કાજુ, બદામ અને પિસ્તા ઉમેરો. હવે ગેસ બંધ કરીને મિશ્રણને ઘી લગાવીને ગ્રીસ કરેલી થાળી અથવા ચોકીમાં કાઢો. જે બાદ તેને આખી થાળીમાં ફેલાવી દો અને બે કલાક માટે સેટ થવા દો. હવે છરી વડે તમારા મનપસંદ આકારમાં કાપો. તૈયાર છે હેલ્ધી અંજીર બરફી.

# ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી લગાવવાથી ચહેરો ચમકી જશે




જ્યારે જ્યારે વાતાવરણમાં ફેરફાર થાય તો તેની અસર ત્વચા પર સૌથી પહેલા થાય છે. તેવામાં બદલતા વાતાવરણમાં ત્વચાની સંભાળ રાખવા માટે અલગ અલગ વસ્તુઓ સાથે રાખવી પડે છે. સ્કીન કે રૂટિનમાં આજ સુધી તમે અલગ અલગ વસ્તુઓનો સમાવેશ કર્યો હશે. બદલતા વાતાવરણમાં તમે ત્વચાની સંભાળ લેવા માંગો છો અને ત્વચા પર કુદરતી ગ્લો વધે તેવી ઈચ્છા ધરાવવો છો તો ગ્લિસરીનને અલગ અલગ વસ્તુઓ સાથે ઉપયોગમાં લેવાનો રાખો.

**ગ્લિસરીન અને ગુલાબજળ :** ત્વચા પર ડ્રાયનેસની સમસ્યા હોય તો ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી ચહેરા પર લગાડો. પાંચ મિનિટ પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરો તેનાથી ત્વચાનું મોઈશ્ચર જળવાયેલું રહેશે.

**ગ્લિસરીન અને મુલતાની માટી :** ત્વચા પર ડાઘ થઈ ગયા હોય તો મુલતાની માટીમાં ગ્લિસરીન ઉમેરીને ફેસપેક તૈયાર કરી તેને ચહેરા પર લગાડો. આ ફેસપેક નો ઉપયોગ કરવાથી ચહેરાના ડાઘ ધબ્બા દૂર થાય છે.

**ગ્લિસરીન અને મધ :** મધ અને ગ્લિસરીનનો ઉપયોગ કરવાથી ત્વચા પરના પીગમેન્ટેશનથી રાહત મળે છે. સાથે જ એકને અને ખીલથી પણ મુક્તિ મળે છે.

**ગ્લિસરીન અને લીંબુ :** જો ત્વચા પર ખંજવાળ ખીલ વધારે પ્રમાણમાં થઈ ગયા હોય તો ગ્લિસરીનમાં લીંબુનો રસ મિક્સ કરી ચહેરા પર અપ્લાય કરો થોડીવાર પછી તાજા પાણીથી ચહેરો સાફ કરો.

# પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ અને મધનું સેવન કરવું ફાયદાકારક

લગભગ દરેક ભારતીય ઘરોમાં તજનો ઉપયોગ મસાલા તરીકે થાય છે. તેનો ઉપયોગ ઘણા પ્રકારના નાસ્તા, વનસ્પતિ અને હર્બલ પીણાંમાં થાય છે. પરંતુ તજ અને મધનો ઉપયોગ કરવાથી પીરિયડ્સ દરમિયાન થતા દુખાવામાં ઘણી રાહત મળે છે. પીસીઓએસની સમસ્યા અને મેનોપોઝ દરમિયાન થતી સમસ્યાઓને દૂર કરવા માટે મહિલાઓ પણ તજનું સેવન કરી શકે છે.

તજમાં મેગ્નેશિયમ, આયર્ન, ફોસ્ફરસ, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, કેલ્શિયમ, મેંગેનીઝ, કોપર, ઝિંક, વિટામિન્સ, નિયાસિન, થિયામીન અને લાઈકોપીન જેવા પોષક તત્વો મળી આવે છે. આ તમામ પોષક તત્વો તમારા શરીરને મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. મહિલાઓ માટે તજ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ પોષક તત્વો તમારી રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે. આ તમારી ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે છે.

પીરિયડ્સમાં ઘણી સ્ત્રીઓને ભારે દર્દ અને પેટ સંબંધિત સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં તજમાં રહેલા ફાઈબર, પોટેશિયમ અને અન્ય પોષક તત્વો આ સમસ્યાઓને દૂર કરી શકે છે. આ માટે તમે તજનું પાણી પી શકો છો.



### આ રીતે કરો ઉપયોગ

- તજનું પાણી બનાવવા માટે તમે તજને આખી રાત પલાળીને રાખી શકો છો. આ સિવાય તમે તજને પાણીમાં 10 મિનિટ ઉકાળીને પી શકો છો.
- પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ પાવડર અને મધનું સેવન કરી શકાય છે. આ ખૂબ જ આરામદાયક હોઈ શકે છે.
- પેટ સંબંધિત સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે તમે તજ અને લીંબુ પાણી પી શકો છો.
- આ સિવાય તમે તજ અને ગોળની પેસ્ટ પણ ખાઈ શકો છો. તેનાથી ગળાની સમસ્યામાં રાહત મળે છે.

૦૯,૪૭,૭૫૦ લાડુ પ્રસાદના પેકેટ વેચાયા

# શિરડીના સાંઈ બાબા મંદિરમાં ભક્તોની ભીડ, ૧૬.૬૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું

### ભક્તોએ શિરડી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટને એટલી બધી પ્રસાદી આપી કે તે ચલણી નોટોથી ભરાઈ ગઈ

। શિરડી, તા.૪ ।

શિરડીના સાંઈ બાબા મંદિરમાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. ભક્તોએ શિરડી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટને એટલી બધી પ્રસાદી આપી કે તે ચલણી નોટોથી ભરાઈ ગઈ. શિરડી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટ દ્વારા ૨૫મી ડિસેમ્બર ૨૦૨૪થી ૦૨મી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન નાતાલની રજા, નવા વર્ષની વિદાય અને નવા વર્ષને આવકારવા માટે શિરડી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં શિરડી સાંઈબાબાના વિશેષ દર્શન અને સામાન્ય ભક્તો માટે વીઆઈપી પાસની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.૯ દિવસના આ ઉત્સવ દરમિયાન લાખથી વધુ સાંઈ ભક્તોએ શિરડી સાંઈ બાબાની મુલાકાત લીધી હતી. સંસ્થાના જણાવ્યા અનુસાર આ દરમિયાન ભક્તોનો અવિરત પ્રવાહ રહ્યો હતો. સાંઈ બાબાની સમાધિના દર્શન કર્યા બાદ ભક્તોએ ૧૬.૬૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું.જેમાં ડોનેશન કાઉન્ટર - ૩ કરોડ ૨૨ લાખ ૨૭ હજાર,દક્ષિણા બોક્સ- ૬ કરોડ ૧૨ લાખ ૯૧ હજાર ૮૭૫,ચૂકવેલ વીઆઈપી દર્શન પાસ - ૧ કરોડ ૯૬ લાખ ૪૪ હજાર ૨૦૦,ઓનલાઈન-૪ કરોડ ૬૫ લાખ ૭૩ હજાર ૬૯૮ રૂપિયા..,સોનું ૮૧૦ ગ્રામ, કિંમત- ૫૪ લાખ ૪૯ હજાર ૬૮૬ રૂપિયા,ચાંદી - ૧૪ કિલો, કિંમત - ૦૯ લાખ ૯૩ હજાર ૮૧૫ રૂપિયા સાંઈ સંસ્થાઓ દ્વારા પ્રાપ્ત કુલ ઓફર - રૂ. ૧૬ કરોડ ૬૧ લાખ ૮૦ હજાર ૮૬૨સાઈ સંસ્થાનના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન ૬ લાખથી વધુ સાંઈ ભક્તોએ શ્રી સાંઈ પ્રસાદાલયમાં મફત પ્રસાદ ભોજનનો લાભ લીધો હતો. ૧ લાખ ૩૫ હજારથી વધુ સાંઈ ભક્તોએ ફૂડ પેકેટનો લાભ લીધો છે. આ સાથે ૦૯,૪૭,૭૫૦ લાડુ પ્રસાદના પેકેટ વેચાયા છે અને ૧ કરોડ ૮૯ લાખ ૫૫ હજાર રૂપિયા મળ્યા છે.

લદ્દાખ અને વિવાદિત અક્સાઈ ચીન વચ્ચે ગલવાન ખીણનો વિવાદ જાણીતો છે

# ચીન તેના હોટન પ્રાંતમાં બે નવી કાઉન્ટીઓ બનાવવાનો પ્રયાસ । ભારતે વિરોધ નોંધાવ્યો


### ચીને લદ્દાખના હોટનમાં બે કાઉન્ટી બનાવવાની જાહેરાત કરી છે, જે ભારતનો એક ભાગ છે, આ વિસ્તાર ચીનના ગેરકાયદેસર કબજા હેઠળ છે અને તેને કાઉન્ટી જાહેર કરીને સ્થિતિ વધુ વણસી છે, જાહેરાત બાદ ભારતે ચીનને કડક ચેતવણી આપી

। નવીદિલ્હી, તા.૪ ।



લદ્દાખને લઈને ભારત અને ચીન વચ્ચેના સંબંધો પરનો બરફ ત્યારે જ ઓગળવા લાગ્યો હતો જ્યારે ડ્રેગન ફરીથી યુક્તિઓ રમવાનું શરૂ કર્યું. ચીને લદ્દાખના હોટનમાં બે કાઉન્ટી બનાવવાની જાહેરાત કરી છે, જે ભારતનો એક ભાગ છે. આ વિસ્તાર ચીનના ગેરકાયદેસર કબજા હેઠળ છે અને તેને કાઉન્ટી જાહેર કરીને સ્થિતિ વધુ વણસી છે. આ જાહેરાત બાદ ભારતે ચીનને કડક ચેતવણી આપી છે. આ નવા વિવાદ સાથે, ચાલો જાણીએ કે બંને દેશો વચ્ચે કઈ જગ્યાએ વિવાદ છે.વાસ્તવમાં લદ્દાખના હોટન વિસ્તારને લઈને ભારત અને ચીન વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. લદ્દાખમાં જ સાડા ચાર વર્ષ પહેલા બંને દેશો વચ્ચે સંઘર્ષની સ્થિતિ સર્જાઈ હતી. બંને પક્ષોની સેનાઓ એકબીજા સાથે ફસાઈ ગઈ હતી. ઝપાઝપી પણ થઈ હતી. જોકે, રશિયાના કઝાનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મુલાકાત બાદ આ વિવાદનો ઉકેલ આવ્યો હતો. આ પછી બંને દેશોએ પોતાની સેના પાછી ખેંચી લીધી હતી. વર્ષ ૨૦૨૦માં સંઘર્ષ બાદ જે સ્થિતિ સુધરી હતી તે હવે ચીનની કુટિલ હરકતોથી ફરી બગડવાનો ભય સતાવી રહ્યો છે.લદ્દાખ અને વિવાદિત અક્સાઈ ચીન વચ્ચે ગલવાન ખીણનો વિવાદ જાણીતો છે. બંને દેશોની સરહદ નજીક ગલવાન ખીણમાં વાસ્તવિક નિયંત્રણ રેખા અક્સાઈ ચીનને ભારતથી અલગ કરે છે. ચીનના દક્ષિણી શિનજિયાંગથી ભારતના લદ્દાખ સુધી વિસ્તરેલી ગલવાન ખીણ ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે, કારણ કે તે માત્ર ચીનને જ નહીં પરંતુ પાકિસ્તાનને પણ અડીને છે. ગલવાન નદીનો આ વિસ્તાર ૧૯૬૨માં થયેલા યુદ્ધમાં પણ મુખ્ય કેન્દ્ર હતો. ચીને હવે પોતાના માટે જરૂરી સૈન્ય બાંધકામ કર્યું છે અને ભારતે કરેલા બાંધકામને ગેરકાયદે ગણાવતું રહે છે.હિમાલયમાં લગભગ ૧૪ હજાર ફૂટની ઉંચાઈ પર આવેલું ૧૩૪ કિલોમીટર લાંબુ પેંગોંગ ત્સો તળાવ પણ બંને દેશો વચ્ચે વિવાદનું કારણ છે.

## ન્યૂઝ બ્રિફ



અભિનેત્રી મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ગેમ ચેન્જર' માટે ચર્ચામાં

### કિયારા અડવાણીની તબિયત અચાનક બગડી, હોસ્પિટલમાં દાખલ

। મુંબઇ, તા.૪ ।

બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણી આ દિવસોમાં તેની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ગેમ ચેન્જર' માટે ચર્ચામાં છે, જેમાં તે સાઉથના સુપરસ્ટાર રામ ચરણ સાથે રોમાન્સ કરતી જોવા મળી હતી. ચાહકો પણ આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. બંને સ્ટાર્સ ફિલ્મની ટીમ સાથે ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન તેના ફેન્સ માટે મોટા સમાચાર આવી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે કિયારાને મુંબઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.આજે તેણે ફિલ્મના પ્રમોશનલ ઈવેન્ટમાં હાજરી આપવાની હતી, પરંતુ તે ત્યાં પહોંચી શકી નહોતી. સુત્રોના જણાવ્યા અનુસાર, કિયારાને આજે સવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. જો કે તેમની તબિયત ખરાબ થવાનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. આ સમાચાર સામે આવ્યા બાદ અભિનેત્રીને લઈને તેના ચાહકોની ચિંતા વધી ગઈ છે.

### બોલિવૂડ અભિનેત્રી અમીષા પટેલના ખાતામાં પૈસા નથી

। મુંબઇ, તા.૪ ।

બોલીવુડ અભિનેત્રી અમીષા પટેલના બેંક ખાતામાં ૨ લાખ રૂપિયા પણ નથી. તેણે ઉત્તર પ્રદેશના મુરાદાબાદની ઈવેન્ટ કંપનીને ૨ લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો, પરંતુ આ ચેક બાઉન્સ થયો છે. ઈવેન્ટ કંપની સાથેના કરાર મુજબ અમીષા પટેલે તાજેતરમાં પોતાના વકીલ મારફત આ ચેક આપ્યો હતો. હવે જ્યારે કંપનીના ડાયરેક્ટરે બેંકમાં ચેક જમા કરાવ્યો ત્યારે જાણવા મળ્યું કે અમીષા પટેલના ખાતામાં આટલી રકમ નથી. આ મામલે ઈવેન્ટ કંપનીએ ફરી એકવાર અમીષા પટેલ વિરુદ્ધ કોર્ટમાં જવાનું નક્કી કર્યું છે.કંપનીના ડાયરેક્ટરના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૭માં અહીં એક લગ્ન સમારોહ હતો. આ સમારોહમાં ડાન્સ કરવા માટે અભિનેત્રી અમીષા પટેલને રાખવામાં આવી હતી. આ માટે કંપનીએ અમીષા પટેલની તમામ શરતો પૂરી કરી હતી, તેમ છતાં તેણીએ કાર્યક્રમમાં હાજરી આપી ન હતી. આ પછી કંપનીએ અમીષા પટેલ વિરુદ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. કોર્ટે અમીષા પટેલને અનેક વોરંટ પણ ઈશ્યુ કર્યા હતા અને અંતે ધરપકડની ધમકી મળતાં તેણે એન્ટિસેપ્સિસ જામીન લીધા હતા.જો કે, થોડા દિવસ પહેલા અમીષા પટેલે આ મામલે સમાધાન કરી કંપનીને વળતર તરીકે સમગ્ર રકમ ચૂકવી દેવાની ખાતરી આપી હતી.

### પાર્ટીઓમાં ઘણા લોકો કેમેરા કરતાં વધુ સારી એક્ટિંગ કરે છે : સોનુ સૂદ

। મુંબઇ, તા.૪ ।

આ દિવસોમાં અભિનેતા સોનુ સૂદ તેની ફિલ્મ 'ફતેહ'નું પ્રમોશન કરી રહ્યો છે. મેશેબલ ઈન્ડિયાને આપેલા તાજેતરના ઈન્ટરવ્યુમાં સોનુ સૂદે બોલિવૂડની પાર્ટીઓના કેટલાક રહસ્યો પણ જાહેર કર્યા હતા. આ પાર્ટીઓ વિશે સોનુ સૂદનું શું કહેવું છે? ઈન્ટરવ્યુમાં સોનુ સૂદને પૂછવામાં આવ્યું કે તે બોલિવૂડની પાર્ટીઓ વિશે શું વિચારે છે. તેના પર અભિનેતા કહે છે કે, 'હું કેમેરાની સામે પ્રયત્નો કરું છું, હું કોઈના ઘરે કે પાર્ટીમાં જઈને કેમ પ્રયત્નો કરીશ. પાર્ટી કરવાથી કરિયર નથી બનતું. શક્ય છે કે બોલિવૂડની પાર્ટીમાં હાજરી આપવાથી કોઈનું કરિયર બન્યું હોય. પછી ફરીથી, હું પીતો નથી, હું ધૂમ્રપાન કરતો નથી, હું પાર્ટીઓમાં જતો નથી. હું આ પાર્ટીઓમાં ખોવાયેલો અનુભવું છું.ઈન્ટરવ્યુમાં સોનુ આગળ કહે છે, 'હું એવી વ્યક્તિ હોવાનો ડોળ કરી શકતો નથી જે હું નથી. મને બોલિવૂડની ઘણી પાર્ટીઓ નકલી લાગે છે. આ પાર્ટીઓમાં ઘણા લોકો કેમેરા કરતાં વધુ સારી એક્ટિંગ કરે છે. શક્ય છે કે તેમને આમ કરવા બદલ કોઈ પ્રકારનું ઈનામ મળે.બોલિવૂડ સિવાય સોનુ સૂદે સાઉથની ફિલ્મોમાં પણ કામ કર્યું છે, તે ત્યાંનું મોટું નામ છે.

ઉત્તર પ્રદેશનું રાજકારણ ગરમાયું

### યુપીમાં સરકારના એન્જિન એકબીજા સાથે અથડાઈ રહ્યા છે : કોંગ્રેસ

આશિષ પટેલે પોતાના પર લાગેલા આરોપોનો બચાવ કરતા પોતાની જ સરકાર પર પ્રહારો કર્યા છે

। લખનૌ, તા.૪ ।

ઉત્તર પ્રદેશનું રાજકારણ આ દિવસોમાં ગરમાયું છે. તેનું એક મુખ્ય કારણ યોગી સરકારમાં કેબિનેટ મંત્રી અને અપના દળના નેતા આશિષ પટેલ છે. આશિષ પટેલે પોતાના પર લાગેલા આરોપોનો બચાવ કરતા પોતાની જ સરકાર પર પ્રહારો કર્યા છે. કેબિનેટ મંત્રીએ માહિતી વિભાગથી લઈને યુપી એસટીએફ સુધી તમામ પર જોરદાર પ્રહારો કર્યા છે. તેણે એસટીએફને પણ પડકાર ફેંક્યો અને કહ્યું કે જો તમારામાં હિંમત હોય તો મને છાતી પર ગોળી મારી દે. બીજી તરફ ભાજપના સાથી પક્ષના નેતાના આ નિવેદનોને અનેક રીતે જોવામાં આવી રહ્યા છે. તે જ સમયે, વિપક્ષી પાર્ટીઓએ આ નિવેદનબાજી પર ભાજપ પર પ્રહારો કર્યા છે.યુપી કોંગ્રેસના પ્રવક્તા અંશુ અવસ્થીએ કહ્યું કે સરકારના એન્જિનો એકબીજામાં લડી રહ્યા છે. જેના કારણે રાજ્યના ખેડૂતો, યુવાનો, ગરીબો અને દલિતો અને પછાત વર્ગોને નુકસાન થઈ રહ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી મંચ પરથી મોટા-મોટા નિવેદનો આપી રહ્યા છે, પરંતુ તેમના મંત્રી આશિષ પટેલનું નિવેદન દર્શાવે છે કે સરકારની અંદર કેટલો અસંતોષ છે. જે હવે બહાર આવી રહ્યું છે.અવસ્થીએ વધુમાં કહ્યું કે, માહિતી નિર્દેશક વિરુદ્ધ બોલીને સીએમ યોગી પર સીધો પ્રહાર કરી રહ્યા છે. ડબલ એન્જિનની સરકારે યુપીના યુવાનોને ૭૦ લાખ નોકરીઓનું સપનું બતાવ્યું હતું. તેમણે રાજ્યમાં રામરાજ્ય અને સુશાસન લાવવાની પણ વાત કરી હતી. પરંતુ સત્ય એ છે કે એન્જિન એકબીજા સાથે અથડાઈ રહ્યા છે.

શિયાળાનું તોફાન

# તીવ્ર ઠંડીને કારણે ઘણા રાજ્યોમાં એલર્ટ, સેંકડો ટ્રેનો અને ફ્લાઇટ્સ અસરગ્રસ્ત

### ઈન્દિરા ગાંધી એરપોર્ટ પરથી ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી, રનવે ઉપર વિઝિબિલિટી ઘટી જવાને કારણે ઓછી વિઝિબિલિટી પ્રક્રિયા લાગુ કરીને એરક્રાફ્ટની હિલચાલ હાથ ધરવામાં આવી હતી

। નવીદિલ્હી, તા.૪ ।



નવા વર્ષથી શરૂ થયેલી શિયાળાની પીડા સતત વધી રહી છે. કડકડતી ઠંડી વચ્ચે ધુમ્મસ પણ છવાઈ ગયું હતું. ધુમ્મસના કારણે જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. સાથે જ ધુમ્મસના કારણે હાઈવે સહિત અન્ય માર્ગો પર વાહનોના પૈડાની ગતિ પણ થંભી ગઈ છે. ધુમ્મસ પ્લેન અને ટ્રેન પેસેન્જરો પર તબાહી મચાવી રહ્યું છે.દિલ્હી-એનસીઆરમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. શનિવાર સવારથી સમગ્ર એનસીઆરમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું ઘણી જગ્યાએ વિઝિબિલિટી શૂન્ય પર પહોંચી ગઈ છે. આવી સ્થિતિમાં લોકોએ રસ્તા પર પોતાના વાહનોની ફોગ લાઈટ ચાલુ કરવી પડી હતી. ધુમ્મસના કારણે રેલવે ટ્રેક પર ટ્રેનોની અવરજવર થંભી ગઈ હતી. એરપોર્ટ પર પ્લેનની અવરજવરને પણ અસર થઈ હતી. જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઈન્દિરા ગાંધી એરપોર્ટ પરથી ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. રનવે પર વિઝિબિલિટી ઘટી જવાને કારણે ઓછી વિઝિબિલિટી પ્રક્રિયા લાગુ કરીને એરક્રાફ્ટની હિલચાલ હાથ ધરવામાં આવી હતી. જેના કારણે અન્ય ફ્લાઈટના સંચાલનમાં વિલંબ થયો હતો અને એરપોર્ટ ટર્મિનલ પર વિમાનોની રાહ જોતા મુસાફરોને હાલાકી ભોગવવી પડી હતી. બીજી તરફ રેલવે ટ્રેક પર દોડતી ઉત્તર ભારતની ૧૫૦થી વધુ ટ્રેનો મોડી પડી હતી. જેમાં દિલ્હી પહોંચતી ૪૧થી વધુ ટ્રેનોને સમય બદલાવવા સાથે રવાના કરવામાં આવી હતી. મોડી પડેલી ટ્રેનોમાં, મુખ્યત્વે મહાબોધિ એક્સપ્રેસ બે કલાકથી વધુ, નવી દિલ્હી-ડિબ્રુગઢ સાત કલાકથી વધુ, પુરબિયા એક્સપ્રેસ ચાર કલાકથી વધુ, વિક્રમશિલા ત્રણ કલાકથી વધુ મોડી પડી હતી.

### વોશિંગ્ટન ડીસીમાં ગોળીબાર, ઘણા ઘાયલ; ૧ મહિલા સહિત ૪ની હાલત ગંભીર

। વોશિંગ્ટન, તા.૪ ।

અમેરિકામાં છેલ્લા ઘણા દિવસોથી હુમલાનો સિલસિલો અટકવાનો નથી. આતંકવાદી હુમલા બાદ અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં ઝડપી ગોળીબાર જોવા મળ્યો હતો. આ દરમિયાન ઘટનાસ્થળે હાજર ઘણા લોકોને ગોળી વાગી હતી. ૪ લોકો ગંભીર રીતે ઘાયલ છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના ગુરુવારે સાંજે જણાવવામાં આવી રહી છે.માહિતી અનુસાર, આ ઘટના ગઈકાલે રાત્રે ૯ વાગ્યે બની હતી. જ્યારે વોશિંગ્ટન ડીસીમાં અચાનક અંધાધૂંધ ગોળીબાર શરૂ થઈ ગયો. આ ફાયરિંગમાં ૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

### જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરામાં સેનાની ટ્રક પહાડી નીચે ઘૂસી

। જમ્મુ, તા.૪ ।

જમ્મુ-કાશ્મીરના બાંદીપોરામાં શનિવારે સેનાની એક ટ્રક પહાડીથી નીચે પટકાઈ હતી. આ અકસ્માતમાં ૪ જવાનોના મોત થયા હતા અને ૩ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, 'સૈનિકોને લઈને જઈ રહેલી સેનાની ટ્રકને બાંદીપોરાના સદર કૂટ પાઈન વિસ્તાર પાસે અકસ્માત નડ્યો જ્યારે ડ્રાઈવરે વળાંક પર કાબૂ ગુમાવ્યો.ટ્રક પહાડી પરથી નીચે પટકાઈ હતી. આ ઘટનામાં ૩ જવાન શહીદ થયા અને ૩ જવાનો ગંભીર રીતે ઘાયલ થયા. દરેકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સુરક્ષા દળો અને પોલીસકર્મીઓ ઘટનાસ્થળે હાજર છે. છેલ્લા ૨૦ દિવસમાં આ ત્રીજો કિસ્સો છે જ્યારે સેનાના વાહનને અકસ્માત થયો હોય. અગાઉ ૨૪ ડિસેમ્બરના રોજ, સેનાનું એક વાહન રસ્તા પરથી લપસી ગયું હતું અને પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) નજીક ૩૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગયું હતું. આ અકસ્માતમાં ૫ જવાનોના મોત થયા હતા અને ડ્રાઈવર સહિત ૫ અન્ય સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.સેનાએ આ માર્ગ અકસ્માત અંગે એક નિવેદન બહાર પાડ્યું હતું.

ઘઉંની નિકાસ પર પ્રતિબંધ | નિકાસ નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ દ્વારા કરવામાં આવશે

# પાડોશી દેશ નેપાળ ભારતમાંથી લાખો ટન ઘઉં ખરીદશે

। નવીદિલ્હી, તા.૪ ।



ભારતની ઘઉંની નિકાસઃ ભારત સરકારે પાડોશી દેશ નેપાળમાં ૨ લાખ ટન ઘઉંની નિકાસને મંજૂરી આપી છે. આ મંજૂરી એવા સમયે આપવામાં આવી છે જ્યારે દેશમાં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા શનિવારે જારી કરાયેલા એક પરિપત્ર અનુસાર, આ નિકાસ નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ દ્વારા કરવામાં આવશે.સ્થાનિક પુરવઠો જાળવવા માટે ભારતમાં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ હોવા છતાં, કેટલાક દેશોની વિનંતી પર, સરકાર તેમની ખાદ્ય સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નિકાસને મંજૂરી આપે છે. ભારત સરકારે નેપાળની ખાદ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ પગલું ભર્યું છે. આ મુક્તિ હેઠળ, ઘઉંની નિકાસ ખાસ કરીને એવા સંજોગોમાં કરવામાં આવે છે જ્યારે સંબંધિત દેશને તેની સખત જરૂર હોય.બીજી તરફ,ડીજીએફટીએ પણ એક અલગ પરિપત્રમાં સિન્થેટિક ગૂંથેલા કાપડ માટે લઘુત્તમ આયાત શરતોમાં છૂટછાટની જાહેરાત કરી છે. આ છૂટ તે એકમોને આપવામાં આવી છે જે એડવાન્સ ઓથોરાઈઝેશન, એક્સપોર્ટ ઓરિએન્ટેડ યુનિટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સ હેઠળ આવે છે. સસ્તા કાપડના પ્રવાહને ઘટાડવા માટે, સિન્થેટિક વણાયેલા કાપડ પર પ્રતિ કિગ્રા ૩.૫ ની એમઈપી લાગુ પડે છે.ખરાબ હવામાનને કારણે ઘઉંના ઉત્પાદનમાં થયેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને ભારત સરકારે મે ૨૦૨૨માં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. ભારત ઘઉંનો મોટો નિકાસકાર ન હોવા છતાં, આ પગલાએ વૈશ્વિક બજારોને અસ્થિર કર્યા છે. ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ઘઉં ઉત્પાદક દેશ છે, પરંતુ વૈશ્વિક ઘઉંના વેપારમાં તેનો હિસ્સો ૧% કરતા ઓછો છે. દેશમાં ગરીબોને સબસિડીયુક્ત ખોરાક આપવા માટે સરકાર ઘઉંના ઉત્પાદનનો મોટો હિસ્સો અનામત રાખે છે. ભારતની ઘઉંની નિકાસઃ ભારત સરકારે પાડોશી દેશ નેપાળમાં ૨ લાખ ટન ઘઉંની નિકાસને મંજૂરી આપી છે.

ઝાંગજિયાકોઉ શહેરમાં આગ લાગી હતી

આગ એટલી ભયાનક હતી કે થોડી જ વારમાં ધુમાડાના કાળા વાદળો આખા શહેરને ઢાંકી દીધા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ચીનના એક શાકભાજી માર્કેટમાં થઈ હતી

# ચીનના માર્કેટમાં ભડકેલી આગ, ૮ લોકો જીવતા બળી ગયા, ૧૫ ઘાયલ

। શાંઘાઈ, તા.૪ ।



ચીનના ઉત્તરી પ્રાંત હેબેઈના એક માર્કેટમાં ભીષણ આગ લાગવાથી ૮ લોકો જીવતા દાઝી ગયા છે. જ્યારે એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આગ એટલી ભયાનક હતી કે થોડી જ વારમાં ધુમાડાના કાળા વાદળો આખા શહેરને ઢાંકી દીધા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ચીનના એક શાકભાજી માર્કેટમાં થઈ હતી, જ્યાં આગ લાગવાને કારણે ૮ લોકોના મોત થયા હતા અને ૧૫ લોકો ઘાયલ થયા હતા. ચીનના મીડિયામાં આ જાણકારી આપવામાં આવી છે.ચીની મીડિયાએ અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે શનિવારે ઝાંગજિયાકોઉ શહેરમાં આગ લાગી હતી. સવારે ૮.૪૦ વાગ્યાની આસપાસ આગ લાગવાની માહિતી મળી હતી. લગભગ એકાદ કલાક બાદ ઘણી જહેમત બાદ તેને બુઝાવવામાં આવી હતી. હવે આગના કારણની તપાસ કરવામાં આવી રહી છે. ચીનમાં અન્ય મીડિયા દ્વારા પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં શહેરના કિયાઓક્સી જિલ્લાના બજાર પર ધુમાડાના વિશાળ કાળા પ્લુમ તેમજ મોટી જ્વાળાઓ જોવા મળી હતી. કંપનીના ડેટા પ્રોવાઈડર કિચાચાને ટાંકવામાં આવ્યું હતું કે લિગુઆંગ શાક માર્કેટમાં આગ લાગી હતી. આ માર્કેટ ૨૦૧૧માં ખોલવામાં આવ્યું હતું. આ માર્કેટમાં શાકભાજી અને ફળોથી લઈને સી ફૂડ અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓનું વેચાણ થાય છે. ચીનના ઉત્તરી પ્રાંત હેબેઈના એક માર્કેટમાં ભીષણ આગ લાગવાથી ૮ લોકો જીવતા દાઝી ગયા છે.

## રાજકોટમાં રહેતી બીએચએમએસ તબીબ જલ્પા ઘોસિયાએ ટૂંકાવ્યું

। રાજકોટ, તા.૪ ।

વર્તમાન સમયમાં લોકોની સડી ગયેલી માનસિક્તાના કારણે નાની-નાની વાતમાં પણ જીવન ટૂંકાવવાનું સુધીનું પગલું ભરતા વાર કરતા નથી. ત્યારે તાજેતરમાં રાજકોટમાં વધુ એક આપઘાતની ઘટના બની હતી.મળતી માહિતી મુજબ રાજકોટમાં રહેતી માણાવદરની તબીબ યુવતીએ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. જેમાં બીએચએમએસ તબીબ જલ્પા ઘોસિયાએ જીવન ટુંકાવ્યું હતું. તેણીએ સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર પાસે માધવ પ્રસાદ ફ્લેટમાં ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.ત્યારે આ ઘટનાને લઈ ગાંધીગ્રામ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. અને મૃતદેહને ફોરેન્સિક પોસ્ટપોટમ માટે મોકલવામાં આવ્યો છે. જોકે કેમ તબીબ યુવતીએ આપઘાત કર્યો તે જાણી શકાયું નથી. જેને લઈ પોલીસ દ્વારા આસપાસના લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### બિલ્ડરોનું ૨૦૦૦ કરોડથી વધુનું કૌભાંડ

# સુરત શહેરમાં નકલી પ્રોપર્ટી કાર્ડ બનાવી ખેડૂતની જમીન પચાવી પાડી

**જમીન માફિયા સામે કાર્યવાહીનો સંતોષ ન જણાતાં સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી**

। માહિતી બ્યુરો, સુરત,તા.૪ ।

સુરત શહેરમાં બિલ્ડરોએ ખેડૂતોના નકલી પ્રોપર્ટી કાર્ડ બનાવી પ્લોટ વેચી ૨૦૦૦ કરોડથી વધુનું કૌભાંડ આચર્યુ હોવાની સીઆઈડી ક્રાઈમબ્રાંચમાં ફરિયાદ કરાતા ખળભળાટ મચી ગયો છે. બિલ્ડરોએ સમૃદ્ધિ કોર્પોરેશનના નામે ભાગીદારી પેઢી સકારી અધિકારીઓ સાથે મીલિભગત કરી સુરતના ડુમસ અને વાટા ગામની આશરે ૫ લાખ વારની જમીનને પ્લોટિંગની સ્કીમ મૂકી વેચાણ કરી ખેડૂતોને કરોડોનું નુકસાન પહોંચાડ્યું છે.સીઆઈડી ક્રાઈમે સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ કચેરીના વર્ગ ૧ના અધિકારી કાનાલાલ પી. ગામીત, અનંત પટેલ, ડેટા એન્ટ્રી કર્મચારી અને સમૃદ્ધિ કોર્પોરેશનના કર્મચારીઓ સામે ફરિયાદ નોંધી હોવાનું જાણવા મળ્યું છે.




વર્ષ ૨૦૨૨માં જીગ્નેશભાઈ નામક બ્રોકર ખેડૂત આઝાદ ચતુરભાઈ રામોલિયા પાસે બ્લોક નંબર ૮૦૩નું પ્રોપટી કાર્ડ લઈ જમીનના વેચાણ અંગે વાત કરી હતી. ખેડૂત રામોલિયાએ ડુમસ વિસ્તારમાં બ્લોક નંબર ૮૧૫, ૮૦૧-૪, ૮૩, ૭૮૭-૨વાળી જમીન ખરીદી હતી. રામોલિયાએ વેબસાઈટ પર ચેક કરતા જમીનના સર્વે નંબરો અલગ અલગ દેખાતા હતા. જુદી જુદી વ્યક્તિઓના નામે બોગસ પ્રોપર્ટી કાર્ડ બની ગયા હતા. સમૃદ્ધિ કોર્પોરેશનના ભાગીદારોએ જમીનના નકલી પ્રોપર્ટી કાર્ડ બનાવી ૨૫૦૦ કરોડનું મસમોટું કૌભાંડ આચર્યુ હતું. તપાસ કરતા માલૂમ પડ્યું કે, આ ષડયંત્રમાં તતકાલિન નાયબ નિયામક કે.પી. ગામીત, ભાગીદારો મનહર કાકડિયા, પ્રકાશ આસવાની, લોકનાથ ગંભીર,નરેશ શાહ વિરૂદ્ધ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે સઘન તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે જમીન કૌભાંડ બાબતે ખેડૂત આઝાદ રામોલીયાએ ઓગસ્ટ ૨૦૨૩માં સુરત પોલીસમાં ફરિયાદ કરી હતી, અનુસંધાને જમીન માફિયા સામે કાર્યવાહીનો સંતોષ ન જણાતાં સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

**૪૦ થી ૬૦ ટકા નફો કમાવી આપવાની લાલચ આપી હતી**

**જીગર તુલીએ ટ્રેડબુલમાં રોકાણ કરે છે અને તેમની કંપની સિંધુભવન રોડ આવેલી છે તેમ પણ જણાવ્યું હતું**

# અમદાવાદમાં શેરબજારમાં વધુ કમાવવાની લાલચમાં મહિલા સાથે ૨.૨૫ કરોડની ઠગાઈ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૪ ।

અમદાવાદમાં શેરબજારમાં વધુ કમાવવાની તક મેળવવાની લાલચમાં વીમા એજન્સી અને નાણાકીય સલાહકાર મહિલાને રોકાણની સામે ૪૦ થી ૬૦ ટકા નફો કમાવી આપવાની લાલચ આપી ૨.૨૫ કરોડથી વધુની છેતરપિંડી કરાતા તુલી દંપતી સામે સીઆઈડી કાઈમમાં ફરિયાદ નોંધાવામાં આવી છે.અમદાવાદ શહેરમાં આવેલા ઠક્કરબાપા નગરમાં વસતા જીગ્નનીશાબેન મિસ્ત્રી વેજલપુરમાં વીમા સલાહકાર તરીકે કામ કરે છે. તેમને ૨ વર્ષ અગાઉ ટેનસ્કોપ મેનેજમેન્ કંપનીના જીગર તુલી શેરબજારમાં રોકાણ કરે છે તેમજ રોકાણકારોને ઊંચુ વળતર પણ અપાવે છ. આ લાલચમાં આવી જીગ્નીશાબેનએ ૨૦૨૩માં તેમનો સંપર્ક કરી રૂપિયા ૧.૮૮ કરોડનું રોકાણ કર્યુ હતું. જીગર તુલી, તેમની પત્ની સપના તુલી, માતા વીણા તુલીએ જીગ્નીશાબેનનો વિશ્વાસ જીતવા જણાવ્યું હતું કે,, તેઓ આઈપીઓમાં પણ સેટિંગ કરે છે. જેથી ૬૦ ટકા જેટલું ઊંચુ વળતર પણ મળે છે. તેઓ ભાવમાં વધારો કે ઘટાડો પણ કરી શકે છે. રોકાણ બાદ તુલી દંપતીએ ૭૭ લાખ રૂપિયા પરત આપ્યા હતા. પરંતુ અન્ય રોકાણમાં ૨.૨૫ કરોડ ચૂકવ્યા નહતા. જીગર તુલીએ ટ્રેડબુલમાં રોકાણ કરે છે અને તેમની કંપની સિંધુભવન રોડ આવેલી છે તેમ પણ જણાવ્યું હતું.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya